Chap-1

૧

# ૧ : પ્રારંભિક : સંશોધનની યોજના

## ૧.૧ પ્રારંભિક

સ્વાતંત્ર્ય-પ્રાપ્તિ પહેલાં સદીઓથી ગુજરાત અનેક રાજકીય એકમોમાં વહેંચાયેલું રહયું હોવાથી વેરવિખેર હાલતમાં રહેલા અનેક પ્રાથમિક અને ગૌણ સંદર્ભો પ્રાપ્ત કરી, તેના સંયોજન અને સંપાદન દ્વારા ગુજરાતના સાંસ્કૃતિક જીવનના ભિન્ન ભિન્ન ક્ષેત્રોના ઇતિહાસની સંરચના કરવાનું કાર્ય કઠિન બન્યું છે. સ્વાતંત્ર્યોત્તર કાલમાં આ દિશામાં ઘણા ઓછા પ્રયત્નો થયા છે. આમ છતાં ૧લી મે, ૧૯૬૦ના રોજ વર્તમાન ગુજરાતને ભારતીય ગણતંત્રના એક સ્વતંત્ર સાંઘિક રાજયનો દરજ્જો પ્રાપ્ત થયો ત્યારથી એની ભૂતકાલીન રાજકીય, સામાજિક, ધાર્મિક, આર્થિક આદિ સ્થિતિનું સંશોધન કરી, એતદ્ક્ષેત્રીય ઇતિહાસના સર્જનની પ્રક્રિયાએ વેગ ધારણ કર્યો છે. ગુજરાતના શિક્ષણના ઇતિહાસને પણ આ હકીકત સમાનપણે લાગુ પડે છે. પ્રસ્તુત સંશોધન પણ આ દિશામાં હાથ ધરવામાં આવેલો એક નમ્ર પ્રયત્ન છે.

ગુજરાતમાં બ્રિટિશ હકુમતની સ્થાપના અને તત્પશ્ચાત્ નવી કેળવણીના પ્રારંભ

૨ સાથે, ધીમે ધીમે સર્વતોમુખી પરિવર્તનના એક નવા યુગનો આરંભ થાય છે. કેળવણી વિષયક વિચારસરણીઓ અને વ્યવહારોમાં પણ પરિવર્તન આવે છે. આ પ્રારંભકાલના એક સૈકા (૧૮૨૦-૧૯૨૦) દરમિયાન ગુજરાતમાં પ્રવર્તમાન શિક્ષણ વિષયક વિચારો અને વ્યવહારોનું ચિત્ર ઉપસાવવાનો પ્રયત્ન પ્રસ્તુત સંશોધનમાં હાથ ધરવામાં આવ્યો છે. એની વિગતોમાં ઉતરતાં પહેલાં પ્રસ્તુત સંશોધનની યોજના સમજી લેવી આવશ્યક ગણાય, એટલે આ પ્રારંભિક પ્રકરણમાં સંશોધન યોજનાની માંડણી કરવાનો ઉપક્રમ સ્વીકારવામાં આવ્યો છે. આ યોજનાની રજૂઆતમાં નીચેના મુદ્દા વણી લેવામાં આવ્યા છે :

(૧) સંશોધનસમસ્યા અને તેનું સ્પષ્ટીકરણ

(૨) સંશોધનનાં ઉપયોગિતા અને મહત્ત્વ

(૩) સંશોધનસ્વરૂપ અને તેના ઉદ્દેશો

(૪) સંદર્ભસામગ્રી અને તેની પસંદગીનું ઔચિત્ય

(૫) નમૂનાની પસંદગી

(૬) માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

(૭) સંશોધનની મર્યાદાઓ

આ પ્રત્યેક મુદ્દાની વિસ્તૃત સમીક્ષા નીચે પ્રમાણે છે.

## ૧.૨ સંશોધનસમસ્યા અને તેનું સ્પષ્ટીકરણ :

પ્રસ્તુત સંશોધનને નીચેના શબ્દોમાં વ્યાખ્યાબદ્ધ કરવામાં આવ્યુ છે, જેના પરથી એનાં ક્ષેત્ર અને સ્વરૂપ છતાં થાય છે.

"ચરિતાત્મક ગુજરાતી સાહિત્યમાં પ્રતિબિંબિત થતા બ્રિટીશકાલીન - (ઇ.સ. ૧૮૨૦-૧૯૨૦) ગુજરાતના શૈક્ષણિક વિચારો અને વ્યવહારો" યુનિવર્સિટીએ અંગ્રેજીમાં સંશોધનનું માન્ય કરેલું મૂળ શીર્ષક નીચે પ્રમાણે છે.

"Educational Thoughts and Practices in Gujarat during the British rule (1820-1920) as reflected in the Biographical forms of Gujarati Literature."

ઉક્ત શીર્ષક પરથી નીચેની હકીકતો સ્વયં સ્પષ્ટ થાય છે :

(૧) પ્રસ્તુત સંશોધન ઇ.સ. ૧૮૨૦ થી ઇ.સ. ૧૯૨૦ સુધીના એક સૈકાના ગુજરાતના શિક્ષણનાં બે મહત્ત્વનાં પાસાંઓને આવરી લે છે. એનું પ્રથમ પાસું કેળવણીની સૈદ્ધાંતિક બાબતો જેવી કે, તેનો અર્થ, ઉદ્દેશો, અભ્યાસક્રમ સંકલ્પના, અધ્યયન - અધ્યાપન અંગેના ખ્યાલો વગેરેને આવરી લે છે, જ્યારે બીજું પાસું મુખ્યત્વે અધ્યેયકાલ દરમ્યાનના શિક્ષણના એતદ્-વિષયક વ્યવહારોને સ્પર્શે છે. અલબત્ત, આ ઉભય પાસાં એકબીજા સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલાં છે. પ્રારંભમાં, સંશોધકે આ ઉભય પાસાંઓનું અલગ અલગ નિરૂપણ કરવાની ધારણા સેવી હતી, પરંતુ ચરિત્રસાહિત્યમાં પરસ્પર ઓતપ્રોત થઇને તે એવી રીતે નિરૂપાયેલાં છે, કે જેથી એની અલગ અલગ રજૂઆત કરવાનું સંશોધકને મુશ્કેલ જ નહીં, પરંતુ નિરર્થક પણ જણાયું. એમ કરતાં બિનજરૂરી પુનરાવર્તનનો દોષ વહોરી લેવો પડે એમ હતો. પરિણામે, સંશોધકે અહીં ઉભય પાસાઓની સંકલિત રજૂઆત કરવાનો ઉપક્રમ સ્વીકાર્યો છે. આમ છતાંય જ્યાં આવશ્યક લાગ્યુ છે અને શકય બન્યુ છે ત્યાં કેળવણીના સૈદ્ધાંતિક પાસાને સ્વતંત્રરૂપે નિરૂપવાનો પણ પ્રયત્ન કરવામાં આવ્યો છે.

(૨) શીર્ષકમાં દર્શાવાયું છે તેમ, પ્રસ્તુત અધ્યયનની કાલમર્યાદા ઇ.સ. ૧૮૨૦ થી ઇ.સ. ૧૯૨૦ સુધીની છે. ફલતઃ સ્વાભાવિક રીતે જ એનું કાર્યફલક, અધ્યેયકાલને આવરી લેતી, ચરિતાત્મક સાહિત્યમાં જે શિક્ષણ વિષયક હકીકતો પ્રતિબિંબિત થાય છે તે પૂરતું જ મર્યાદિત છે. આથી એમાં ઇ.સ. ૧૮૨૦ થી ઇ.સ. ૧૯૨૦ સુધીનાં ગુજરાતના શિક્ષણનાં સૈદ્ધાંતિક અને વ્યાવહારિક ઉભય પાસાંઓની સર્વગ્રાહી રજૂઆત થઇ હોવાનો સંશોધકનો દાવો નથી - હોઇ પણ ન શકે.

(૩) સંશોધનસમસ્યામાં ઉલ્લેખિત 'ગુજરાત' શબ્દના અર્થની સ્પષ્ટતા પણ અહીં જરૂરી બને છે. આઝાદી પૂર્વે ગુજરાતના કેટલાક વિસ્તારો બ્રિટિશ સામ્રાજ્યના વર્ચસ્વ હેઠળના મુંબઇ પ્રાંત સાથે જોડાયેલા હતા, જ્યારે અન્ય વિસ્તારો સંખ્યાબંધ નાનામોટા દેશી રાજ્યોના શાસન હેઠળ હતા. તળ ગુજરાતમાં પ્રથમ મુંબઇ પ્રાંત સાથે જોડાયેલા વિસ્તારોમાં અર્વાચીન કેળવણીનો પ્રારંભ

થયો અને પછી દેશી રાજ્યોમાં પણ તેનો પ્રસાર ધીમે ધીમે થતો રહ્યો. આમ, ગુજરાતના શિક્ષણના પ્રારંભ અને વિકાસનો ઇતિહાસ ભૂતપૂર્વ મુંબઇ પ્રાંત સાથે જોડાયેલો હોવાથી 'ગુજરાત' શબ્દ અહીં વ્યાપક પરિપ્રેક્ષ્યમાં જોવાનો છે, માત્ર ગુજરાતના અર્વાચીન રાજકીય એકમની દૃષ્ટિએ જ નહીં.

'ગુજરાત' શબ્દને વ્યાપક પરિપ્રેક્ષ્યમાં અવલોકવા માટેનું બીજું સબળ કારણ એ છે કે ભૂતપૂર્વ મુંબઇ પ્રાંતનાં મુબઇ, પૂના વગેરે જેવાં નગરો ઘણા લાંબા સમયથી ગુજરાતીઓનાં સંસ્કારધામો બન્યાં છે. વ્યાપાર ધંધાર્થે અને વિદ્યાભ્યાસાર્થે સમગ્ર અધ્યેયકાલ દરમ્યાન આ નગરો સાથે ગુજરાતીઓનો ઘનિષ્ઠ સંપર્ક રહ્યો છે. વળી, ગુજરાતની અર્વાચીન સંસ્કૃતિના નિર્માણમાં તો મુંબઇનું પ્રદાન અવિસ્મરણીય છે. ઓગણીસમી સદીમાં ગુજરાતમાં પ્રગટેલાં અને પ્રસરેલાં ધાર્મિક અને સામાજિક ઉત્થાન માટેના સંચલનોની જન્મદાત્રી એ નગરી છે. ગુજરાતના શૈક્ષિક ઇતિહાસના નિર્માણમાંય મુંબઇ પ્રાંતનો અને તેમાંય વિશેષતઃ મુંબઇનો ફાળો અગ્રિમ છે. સમગ્ર બ્રિટિશ અમલ પર્યંત મુંબઇ નગરીએ ગુજરાતના શૈક્ષિક વહીવટ અને ઉચ્ચતર શિક્ષણના કેન્દ્ર તરીકે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. આ સઘળાથી નિરપેક્ષપણે ગુજરાતના શિક્ષણનો ઇતિહાસ રચવાનું શક્ય નથી. પરિણામે, પ્રસ્તુત અધ્યયનમાં 'ગુજરાત' શબ્દ એની વર્તમાન ભૂ-ભૌતિક મર્યાદાઓથી પર છે.

(૪) સંશોધનની વ્યાખ્યામાં દર્શાવવામાં આવ્યું છે તેમ, પ્રસ્તુત અભ્યાસ ચરિત-સાહિત્યમાંથી ઉપલબ્ધ થતી માહિતી પર અવલંબિત છે. આત્મકથાઓ અને જીવનચરિત્રો ચરિત્રસાહિત્યનાં બે પ્રમુખ સ્વરૂપો છે. તદ્ ઉપરાંત રેખાચિત્ર, સન્માનગ્રંથો, અંજલિસંગ્રહો, વાસરિકા (ડાયરી), પત્રો વગેરે પણ ચરિત્ર-સાહિત્યનાં કેટલાંક લક્ષણો ધરાવે છે. આ બધા સાહિત્યમાં જે તે દેશકાલની સ્થિતિનું વાસ્તવિક પ્રતિબિંબ ઝીલાય છે ખરું, પરંતુ ઐતિહાસિક સંશોધનો માટે આત્મકથાઓ અને જીવનચરિત્રોના પ્રમાણમાં એમાંથી ઘણી અલ્પ માહિતી ઉપલબ્ધ થાય છે. વળી, ચરિતનિરૂપકો આ બધી સામગ્રીનો વિનિયોગ ચરિત્રાલેખનમાં કરતા હોવાથી ઉપેન્દ્ર ભટ્ટ તેને ચરિત્રોપકારક સાહિત્ય ગણે છે.[૬] સંશોધકે

પ્રસ્તુત સંશોધનો માટે આત્મકથાઓ અને જીવનચરિત્રો પર વિશેષ આધાર રાખ્યો છે. આમ છતાં, આ ઉભય પ્રકારોમાં પ્રયુકત પત્રો, ડાયરીઓ, નોંધો વગેરેનોપણ સંશોધનસંદર્ભ તરીકે અલ્પાંશે ઉપયોગ કર્યો છે. એ ઉપરાંત કેટલાક સ્વતંત્ર સન્માનગ્રંથો, અંજલિસંગ્રહો વગેરેનો આશ્રય પણ સંશોધન માટે લીધો છે.

(૫) શીર્ષકમાં દર્શાવ્યા પ્રમાણે ચરિતાત્મક સાહિત્યમાં નિરૂપાયેલા અધ્યેયકાલ (ઇ.સ. ૧૮૨૦ થી ઇ. સ. ૧૯૨૦) દરમ્યાન ગુજરાતમાં પ્રવર્તતા શિક્ષણ વિષયક વિચારો અને વ્યવહારો પૂરતો પ્રસ્તુત અભ્યાસ મર્યાદિત છે. સંશોધકે અધ્યયન માટે પસંદ કરેલી એક સૈકાની આ કાલમર્યાદા સહેતુક છે. ઓગણીસમી સદીના બીજા દાયકામાં પેશ્વાઇના પતન (ઇ.સ. ૧૮૧૮) સાથે ગુજરાત સહિત ભારતના રાજકીય ક્ષિતિજે અંગ્રેજ-સત્તાનો ઉદય થાય છે. તત્પશ્ચાત્ થોડા વખતમાં જ ગુજરાતમાં અર્વાચીન કેળવણીનાં બીજ રોપાય છે. ધીમે ધીમે એના વિકાસ સાથે ગુજરાતનું સમગ્ર શૈક્ષણિક પર્યાવરણ પલટાતું જાય છે. અંગ્રેજોની સત્તા અને વર્ચસ્વના વિસ્તાર સાથે નવી કેળવણીનાં વિકાસ અને વિસ્તરણ થતાં, ગુજરાતની પરંપરાપ્રાપ્ત દેશી શિક્ષણપ્રથાનો ક્રમશઃ હ્રાસ થતો જાય છે. આ પ્રક્રિયા, ગુજરાત સહિત ભારતના તખતા પર ગાંધીજીનું આગમન થતા સુધી એટલે કે લગભગ ૧૯૨૦ સુધી મહદ્અંશે અનવરોધપણે ચાલ્યા કરે છે. ઇ.સ. ૧૯૨૧ થી ગાંધીજીના નેતૃત્વ હેઠળ સર્વદેશીય પ્રજાકીય ઉત્થાનનો એક નવો યુગ મંડાય છે. ગુજરાતની શિક્ષણ વિષયક વિચારધારાઓ અને વ્યવહારો પર પણ એની દૂરગામી અને વ્યાપક અસરો થાય છે. ત્યાર પછીનો શિક્ષણનો ઇતિહાસ, એક સ્વતંત્ર અભ્યાસનો બીજો વિષય બને તેમ છે.

સંશોધનસમસ્યાના આટલા સ્પષ્ટીકરણ પછી પ્રસ્તુત સંશોધનમાં ઉપયોગિતા અને મહત્ત્વનો સંક્ષિપ્ત નિર્દેશ કરવો સંશોધકને આવશ્યક લાગે છે.

૧.૩ સંશોધનની ઉપયોગિતા અને મહત્ત્વ :

ઓગણીસમી સદીના પ્રારંભિક દાયકાઓમાં ગુજરાતમાં બ્રિટિશ સત્તાનો પ્રવેશ થતાં અને એનો વિસ્તાર વધતાં શિક્ષણના નવા યુગનાં મંડાણ થયાં, ત્યારથી માંડીને આજ દિન સુધીના શિક્ષણનો કડીબદ્ધ ઇતિહાસ કંડારવા, સમકાલીન શિક્ષણ વિષયક કાનૂનો અને બંધારણીય જોગવાઈઓ, અહેવાલો, કેળવણી સંબંધી પ્રશ્નોમાં ન્યાયાલયોએ આપેલા ચુકાદાઓ, સર્વેક્ષણો, દફતરો, સાહિત્ય વગેરે જેવા દસ્તાવેજી મૂલ્ય ધરાવતા અનેક સંદર્ભોનો સંગીન અભ્યાસ કરી પ્રાપ્ત માહિતીનાં વર્ગીકરણ, અર્થઘટન અને સંપાદન કરવાની તીવ્ર આવશ્યકતા ઊભી થઇ છે. પાઠક, રાજગોર, શેલત, સરોજબહેન દેસાઈ આદિ સંશોધકોએ આ દિશામાં સ્તુત્ય પ્રયત્નો કર્યા પણ છે. પરંતુ આ સંશોધનોમાંથી ઊપસતું ગુજરાતની કેળવણીનું ચિત્ર પ્રમાણમાં વધુ સાંખ્યિક, દસ્તાવેજો- અહેવાલોમાંથી પ્રાપ્ત થતી સામગ્રી પર ઘડાયેલું, પ્રત્યક્ષ દર્શન, અનુભવો, નિરીક્ષણ, લાગણી-યુક્ત પ્રત્યાઘાતો અને અનુભવજન્ય મૂલ્યાંકનના જીવંત ધબકાર વગરનું કંઇક અંશે શુષ્ક અને જડ પ્રકારનું લાગે છે. તેમાં જીવંતતાનો ભાસ ઓછો થાય છે. જીવેલું શિક્ષણ તેમાં જોવા મળતું નથી. એ પ્રારંભિક પ્રયત્નોને વેગ આપી, શિક્ષણના દર્શનની, અર્થકરણની અને મૂલ્યાંકનની જીવંતતા ઝીલી શકાય અને એનું સાતત્ય જળવાય એ માટે, આ દિશામાં પ્રસ્તુત સંશોધન જેવા ગુજરાતની કેળવણીના ઘડતરને સમજવાના નવા અભિગમનો પ્રયત્નો થાય એ જરૂરી ગણાય.

ઉપર્યુક્ત પ્રારંભિક પ્રયત્નો અનેક દૃષ્ટિએ આવકાર્ય હોવા છતાંય એની કેટલીક મર્યાદાઓ પણ છે. સૌ પ્રથમ તો એ પ્રયત્નોનું પ્રમુખ લક્ષ્ય ગુજરાત ની કેળવણીના સાંખ્યિક વિસ્તરણની રજૂઆત પૂરતું સીમિત છે. વળી, એ અહેવાલો મુખ્યત્વે સરકારી પ્રકાશનો અને મુંબઇ પ્રાંત તેમજ ભારતને અનુલક્ષીને લખાયેલા શિક્ષણ વિષયક ગ્રંથો અને સંશોધન હેવાલો પર જ બહુધા આધારિત છે. એમાં સંશોધકોનું લક્ષ બહુધા અર્વાચીન શિક્ષણપ્રથાના વિકાસ પર જ કેન્દ્રિત થયું છે અને એ માટે વપરાયેલી સામગ્રી એકંદરે ગૌણ સ્વરૂપની છે. આ સંશોધનો સમકાલીન શૈક્ષણિક વિચારસરણીઓ, વ્યવહારો, પ્રવાહો અને પ્રશ્નો પર પણ ઘણો ઓછો પ્રકાશ પાથરે છે. આત્મકથાઓ અને જીવનચરિત્રો જેવાં મહત્ત્વપૂર્ણ સંદર્ભસ્થાનોને આધારે, અર્વાચીન શિક્ષણપ્રથાના નિર્માણ અને વિકાસમાં

એતદ્કાલીન જનસમાજની શિક્ષણ વિષયક વિચારસરણીઓ અને વ્યવહારોએ ભજવેલા ભાગની એમાં ઘણી ઓછી નોંધ લેવાઇ છે. આ બધા સંશોધકોએ મુખ્યત્વે તો સૈયદ નુરુલ્લાહ અને જે. પી. નાયક, એ. એન. બસુ, ટી. એન. સીકવેરા, એસ. એન. મુકરજી વગેરે જેવા શૈક્ષણિક ઇતિહાસના સર્જકોએ અપનાવેલો અભિગમ જ સ્વીકાર્યો છે. એની પૂર્તિ કરવા જીવંત અભિગમોનો ઉપયોગ કરવો પણ જરૂરી છે.

અર્વાચીન શિક્ષણ પ્રથાના વિકાસનું વિશદ અને સર્વગ્રાહી ચિત્ર પ્રાપ્ત કરવા, ભૂતકાલના જનસમાજના શૈક્ષણિક દર્શન અને વ્યવહારો જાણવાની અને તે માટે એક નવો જ અભિગમ અપનાવવાની જરૂર છે. આત્મકથાનક એક એવું સાહિત્ય સ્વરૂપ છે, જેમાંથી વ્યકિતના જીવનનો અને વ્યકિત તેના જીવનકાલ દરમ્યાન જે સાંસ્કૃતિક, સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક ઘટનાચક્રમાંથી પસાર થઇ છે તેનો, સાચો જીવંત ચિતાર પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત તેમાં ઉકત ઘટનાઓ પ્રત્યેના ચરિતનાયકના પ્રત્યાઘાતો પણ એમાં નિરૂપાયેલા હોય છે. જીવનચરિત્રોને પણ આ હકીકત સમાનપણે લાગુ પડે છે. ચરિતનાયકે જીવેલા, જોયેલા અને માણેલા સાચા જીવનનો વાસ્તવિક ધબકાર એમાં સંભળાય છે. આમ જીવનચરિત્રો અને આત્મકથાનું સાહિત્ય સ્વરૂપ વધુ વાસ્તવિક સંશોધન - સંદર્ભો રચે છે, ઇચ્છાઓ, લાગણીઓ અને ભાવનાઓના રંગે રંગાયેલી આબેહૂબ માહિતી પૂરી પાડે છે અને વિવિધ દૃષ્ટિકોણથી શૈક્ષણિક સંચલનો અને ઘટનાઓનાં તાદૃશ, સર્વગ્રાહી અને યથાર્થ પ્રતિબિંબ ઝીલે છે. સમકાલીન જીવન અને તેની સમસ્યાઓનું તેમાં વધારે ચોકસાઇ, ઊંડાણ અને પ્રમાણભૂતતાથી પ્રગટીકરણ થયું હોય છે.

વ્યકિત - મુલાકાત એ સમાજશાસ્ત્રીય સંશોધનોમાં વ્યાપક રીતે અપનાવાતી મહત્ત્વની સંશોધનપ્રવિધિ છે. આત્મકથાનકો અને જીવનચરિત્રોનું અધ્યયન પણ વાસ્તવમાં અપ્રત્યક્ષ વ્યકિતમુલાકાતો જ બની રહે છે. મુલાકાત જેટલી જ જીવંત અને તાદૃશ કદાચ એથી વધુ વિશદ- માહિતી એમાંથી પ્રાપ્ત થાય છે. કેળવણી એક મહત્ત્વનો જીવનસંસ્કાર હોવાથી અને વ્યકિતત્વના ઘડતરમાં એની પ્રબળ અસરો થતી હોવાથી, આત્મકથાઓ અને જીવનચરિત્રોના લેખકો પ્રાય: ચરિતનાયકના શિક્ષણકાલ દરમ્યાન પ્રવર્તમાન શિક્ષણવ્યવસ્થાનું અને એના એતદ્વિષયક પ્રતિભાવોનું વિશદ ચિત્ર રજૂ કરે છે. વળી, ચરિતકારો કયારેક ચરિતનાયકના શિક્ષણકાલ દરમ્યાન પ્રવર્તમાન શિક્ષણવ્યવસ્થાની

સાંપ્રત શિક્ષણવ્યવસ્થા સાથે તુલના કરવાનો અભિગમ પણ અપનાવે છે. એમાંથી ઉભયકાલની શિક્ષણવ્યવસ્થા – એમાં અંતર્નિહિત સિદ્ધાંતો અને વ્યવહારો –નું વાસ્તવિક ચિત્ર ઉપલબ્ધ થાય છે. આમ, આત્મકથાઓ અને જીવનચરિત્રો શિક્ષણવ્યવસ્થાને સમજવા માટે મહત્ત્વનાં સંદર્ભસ્થાનો બની રહે છે. પ્રસ્તુત અધ્યયનમાં એના આધારે, અધ્યેયકાલ દરમ્યાન પ્રવર્તમાન શિક્ષણવ્યવસ્થાનું નિરૂપણ કરવાનો ઉપક્રમ સ્વીકારવામાં આવ્યો છે. અલબત્ત, આત્મકથાનકો એ બહુધા આત્મલક્ષી નિરૂપણ હોવાથી થોડેઘણે અંશે એમાં વસ્તુલક્ષિતા (objectivity) જોખમાય છે એ સાચું, પરંતુ શિક્ષણ સહિત જનજીવનનાં અન્ય ક્ષેત્રોમાં પ્રવર્તમાન ભૂતકાલીન વિચારસરણીઓ અને વ્યવહારો સમજવા માટે એની સાથે જીવનચરિત્રોનો પણ ઉપયોગ કરવામાં આવે તો શિક્ષણની વિકાસગાથાની પ્રમાણભૂતતા અને વિશ્વસનીયતા સારા એવા પ્રમાણમાં જાળવી શકાય છે.

પ્રસ્તુત અભ્યાસમાં, ચરિતસાહિત્ય (આત્મકથાનકો અને જીવનચરિત્રો) ને આધારે કેળવણીની વિકાસગાથા આલેખવાનો નવીન અભિગમ સ્વીકારવામાં આવ્યો છે. ગુજરાતના શિક્ષણના વિકાસનો ઇતિહાસ આલેખવા, અગાઉ કયારેય આવી પદ્ધતિ અપનાવવામાં આવી નથી, એ જોતાં તે શૈક્ષણિક ઇતિહાસના અધ્યયન માટે એક નવા અભિગમને મૂર્તિમંત કરે છે, એમ કહી શકાય. બ્રિટિશકાલીન ગુજરાતના શિક્ષણના વિકાસના ક્ષેત્રે થયેલાં સંશોધનોમાં પૂર્તિ કરવાના ઉદ્દેશથી – તેમાં ઉવેખાયેલાં પાસાંઓ દ્વારા એને વધુ સમૃદ્ધ કરવાના ઉદ્દેશથી અને કેળવણીનો ઇતિહાસ જેમણે ઘડાતો જોયો છે, અનુભવ્યો છે તેમના એતદ્વિષયક પ્રાણધબકતા પ્રત્યાઘાતો દ્વારા એ ઇતિહાસને સમજવાની યથાર્થ ભૂમિકા આલેખવાના ઉદ્દેશથી – પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું છે. બ્રિટિશકાલના ગુજરાતના શૈક્ષણિક વિકાસ અને વિસ્તરણને લગતી, પ્રાપ્ત સંશોધનોમાં રજૂ થયેલી હકીકતો સાથે તુલના કરવામાં અને તેની સત્યતા ચકાસવામાંય તે ઉપયોગી નીવડે તેમ છે. અધ્યેયકાલ (૧૮૨૦-૧૯૨૦) દરમ્યાન જીવનયાપન કરતી વ્યકિતઓનાં આત્મકથાનકો અને જીવનકથાઓના વ્યાપક ઉપયોગ પર આધારિત પ્રસ્તુત સંશોધન ગુજરાતના શૈક્ષણિક સંશોધનોના ઇતિહાસમાં એક નવા પ્રસ્થાન અને દિશાનું ઉમેરણ કરે છે.

## १.४ संशोधनस्वरૂप અને તેના ઉદ્દેશો :

સંશોધન હાથ ધરવા પાછળ નિર્ધારિત કરવામાં આવતા પ્રધાન ઉદ્દેશોને લક્ષમાં રાખીને સંશોધનોના ત્રણ મુખ્ય પ્રકારો પાડવામાં આવે છે. (૧) મૂલગત અભ્યાસ (૨) વ્યાવહારિક સંશોધન અને (૩) ક્રિયાત્મક સંશોધન. મૂલગત અભ્યાસોનો પ્રધાન ઉદ્દેશ સાંપ્રત જ્ઞાનરાશિમાં વૃધ્ધિ કરવાનો હોય છે, જયારે વ્યાવહારિક સંશોધનો મુખ્યત્વે પ્રવર્તમાન સમસ્યાઓના ઉકેલ શોધવા માટે હાથ ધરવામાં આવે છે. ક્રિયાત્મક સંશોધન એક રીતે જોતાં તો વ્યાવહારિક સંશોધનનું જ લઘુ સ્વરૂપ છે. પરંતુ એનો ઉદ્દેશ માત્ર સ્થાનિક સમસ્યાઓના ઉકેલો પ્રાપ્ત કરવા પૂરતો મર્યાદિત રહે છે. વ્યાવહારિક સંશોધનો ખૂબ સંકુલ સ્વરૂપનાં હોય છે અને તે ઉચ્ચ કોટિના ટેકનીકલ જ્ઞાનની અપેક્ષા રાખે છે, જયારે ક્રિયાત્મક સંશોધનો આચાર્યો, શિક્ષકો, સંચાલકો વગેરે પણ ઉચ્ચ કોટિના ટેકનીકલ જ્ઞાન સિવાય પણ હાથ ધરી શકે છે. સ્વાભાવિક રીતે જ આવાં સંશોધનોનું ઉપયોગિતામૂલ્ય મર્યાદિત રહેતું હોય છે. વ્યાવહારિક સંશોધનોની જેમ તેના નિષ્કર્ષો વ્યાપવિશ્વને લાગુ પડતા નથી. સંશોધનોની પદ્ધતિઓમાં પણ દસ્તાવેજી પદ્ધતિ, સર્વેક્ષણ પદ્ધતિ, પ્રાયોગિક પદ્ધતિ તથા વ્યકિતગત ઇતિહાસ-અભ્યાસ પદ્ધતિનો સમાવેશ થાય છે.

પ્રસ્તુત સંશોધન દસ્તાવેજી સંશોધનપદ્ધતિ દ્વારા હાથ ધરવામાં આવેલું સામગ્રીવરણી, વર્ગીકરણ અને અર્થઘટનના સંયોજિત સ્વરૂપનું છે. એનો મુખ્ય ઉદ્દેશ અધ્યેયકાલ દરમ્યાન ગુજરાતમાં પ્રવર્તમાન શૈક્ષણિક વિચારસરણીઓ અને વ્યવહારોને સંકલિત અને સંશોધિત કરી, તેનું અર્થઘટન કરવાનો છે. તેમાં દસ્તાવેજી પદ્ધતિ મુખ્યત્વે કરીને અને સર્વેક્ષણ પદ્ધતિ ગૌણ રીતે વપરાયેલી છે.

પ્રસ્તુત સંશોધનના વિશિષ્ટ ઉદ્દેશો નીચે પ્રમાણે છે :

(૧) ચરિત્રસાહિત્યના આધારે અધ્યેયકાલ (૧૮૨૦-૧૯૨૦) દરમ્યાન ગુજરાતમાં પ્રવર્તમાન શિક્ષણ વિષયક વિચારધારાઓનાં વિવિધ પાસાંઓ અને ક્ષેત્રોનું પૃથક્કરણ, વર્ગીકરણ અને સંયોજન કરી તેનું અર્થઘટન કરવું તેમજ શિક્ષણ-વ્યવહારો પર તેની અસર સમજવી.

(૨) સંદર્ભસાહિત્યમાં વર્ણવેલા અધ્યેયકાલને આવરી લેતા શિક્ષણવ્યવહારોનાં વિવિધ

ક્ષેત્રો અને પાસાંઓનું પૃથક્કરણ, વર્ગીકરણ અને સંયોજન કરી તેનું અર્થઘટન કરવું.

(૩) સમકાલીન રાજકીય, ધાર્મિક, સામાજિક, પર્યાવરણ અને શૈક્ષણિક વિચારધારાઓ તથા વ્યવહારોની પારસ્પરિક અસરો સમજવી.

(૪) અધ્યેયકાલ દરમ્યાન શિક્ષણક્ષેત્રે આકાર લેતી મુખ્ય વહીવટી ઘટનાઓએ, સમકાલીન શૈક્ષણિક વિચારસરણીઓ અને વ્યવહારોના વિકાસમાં કરેલી અસરો પ્રમાણવા પ્રયત્ન કરવો.

(૫) અધ્યેયકાલ દરમ્યાન ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે પ્રવર્તમાન સમસ્યાઓ અને પ્રવાહો સમજવાં.

સંક્ષેપમાં, પ્રસ્તુત સંશોધનનો પ્રમુખ ઉદ્દેશ ઇ.સ. ૧૮૨૦ થી ઇ.સ. ૧૯૨૦ના અધ્યેયકાલને આવરી લેતાં, ગુજરાતી ભાષામાં લખાયેલા પસંદિત ચરિત્રસાહિત્યમાંથી અર્થોચિત સામગ્રી ચૂંટી, તેને સંકલિત કરી, ગુજરાતની કેળવણીના વૈચારિક અને વ્યાવહારિક (પ્રત્યક્ષ શિક્ષણનું) જીવંત ચિત્ર ઉપસાવવાનો છે.

## ૧.૫ સંદર્ભસામગ્રી અને તેની પસંદગીનું ઔચિત્ય :

ઇતિહાસ કપોલકલ્પિત હકીકતોનો સમુચ્ચય નથી, પરંતુ ભૂતકાળમાં બનેલી હકીકતોનો સિલસિલાબંધ અહેવાલ છે. 'ઇતિહાસ' શબ્દનો અર્થ 'આ પ્રમાણે બન્યું હતું' એવો થાય છે. ઐતિહાસિક સંશોધન કરનારી વ્યક્તિઓ પાસે શોધવૃત્તિ, સત્યનિષ્ઠા, ચોકસાઇ, વર્ણનશક્તિ વગેરે જેવા કેટલાક ગુણો સ્વાભાવિક રીતે જ અપેક્ષિત છે, કારણ કે અનેક સંદર્ભસ્થાનોમાંથી ભૂતકાલીન ઘટનાઓ પર પ્રકાશ પાડતી હકીકતોના એકત્રીકરણ, વર્ગીકરણ અને અર્થઘટન દ્વારા એણે ભૂતકાલીન ઘટનાઓનો સુરેખ ચિતાર રજૂ કરવાનો છે. આ માટે સંશોધકે અનેક ઐતિહાસિક સંદર્ભસ્થાનોનો ઉપયોગ કરવો રહે છે.

ડૉ. હરિભાઇ દેસાઇ, કેળવણીના ક્ષેત્રનાં ઐતિહાસિક સંદર્ભસ્થાનોને (૧) દસ્તાવેજો અને (૨) અવશેષો એમ બે વિભાગમાં વર્ગીકૃત કરે છે.[૨] અંગત સાહિત્ય દસ્તાવેજી સંદર્ભોનું એક મહત્ત્વનું અંગ છે. ડૉ. દેસાઇ તેમાં નીચેની બાબતોનો સમાવેશ કરે છે.[3]

(ક) આત્મકથાઓ, સ્મૃતિગ્રંથો, જીવનકથાઓ.

(ખ) ઐતિહાસિક પાત્રોએ લખેલ સાલવાર વર્ણનો

(ગ) પત્રો,

(ઘ) વ્યકિતઓ કરેલ વસિયતનામું, કરારપત્રો વગેરે

(ચ) વ્યકિતને મળેલ ખિતાબો, ઈનામ અકરામ,

(છ) પ્રવચન-નોંધો તથા

(જ) સાહિત્યનાં પુસ્તકો

ઉપર્યુકત સંદર્ભસ્થાનોને પણ સામાન્ય રીતે બે વિભાગોમાં વહેંચી શકાય : (૧) ચરિત્રવાઙ્મય અને (૨) ઈતર સાહિત્ય. અગાઉ નોંધ્યું છે તેમ, આત્મકથાઓ અને જીવનવૃત્તાંતો ચરિતાત્મક સાહિત્યનાં બે પ્રધાન સ્વરૂપો છે. ડૉ. દેસાઇએ જણાવેલા ઉપર્યુકત સાલવારી વર્ણનો, પત્રો, વસિયતનામાં, કરારપત્રો, ખિતાબો, ઈનામ અકરામો, પ્રવચનનોંધો વગેરેનો સમાવેશ પણ ચરિત્રોપકારક સંદર્ભસામગ્રીમાં કરી શકાય. વાસ્તવમાં, આત્મવૃત્તાંતો અને જીવનચરિત્રોના રચયિતાઓ મોટેભાગે એ બધી સામગ્રીનો ચરિતાલેખન માટે બહોળો ઉપયોગ કરતા હોય છે. અધ્યેય સમસ્યા માટે પસંદ કરવામાં આવેલાં આત્મકથાનકો અને જીવનવૃત્તાંતોની રચનામાં પણ આ બધા સંદર્ભોનો સારો એવો ઉપયોગ થયેલો જોવા મળે છે, એ હકીકતની નોંધ લેવી અત્રે સાર્થક ગણાય. પ્રસ્તુત સંશોધનઅભ્યાસ મુખ્યત્વે આવા અંગત દસ્તાવેજી સંદર્ભસ્થાનો પર અવલંબિત છે.

એક રીતે જોતાં સમગ્ર સાહિત્ય ઐતિહાસિક સંશોધનો માટે મહત્ત્વના સંદર્ભ રચે છે કારણ કે, સમકાલીન જીવનના વિચારો અને વ્યવહારોનું પ્રતિબિંબ તેમાં પડતું હોય છે. આ માટે જ તો સાહિત્ય, જીવનનું પ્રતિબિંબ લેખાય છે. ક્યારેક સર્જક સમકાલીન જનજીવનના વિચારો અને વ્યવહારોનું વિવેચન કરવાનો ઉપક્રમ પણ યોજે છે, એથી કેટલાક સાહિત્યને માનવજીવનની સમીક્ષા તરીકે પણ ઘટાવે છે. આમ સાહિત્ય જે તે દેશકાલના માનવજીવન - તેની શૈક્ષણિક, સામાજિક, ધાર્મિક, રાજકીય, આર્થિક આદિ સ્થિતિ સમજવા ઉપયોગી સંદર્ભ સર્જે છે. સામાન્ય રીતે ગદ્ય અને પદ્ય, નાટક અને નવલકથા, એકાંકી અને નવલિકા વગેરે હરકોઇ પ્રકારના સાહિત્યમાં માનવજીવનને સ્પર્શતાં વિવિધ પાસાઓનું અધ્યયન અંતર્નિહિત હોવાથી એ બધા સાહિત્યને પણ આ હકીકત લાગુ પડે છે. આમ છતાં, ચરિતાત્મક સાહિત્ય પૂર્વોકત ઈતર સાહિત્યસ્વરૂપોથી તાત્ત્વિક રીતે જુદું પડે છે. નાટક, નવલકથા, નવલિકા વગેરે સાહિત્યપ્રકારોમાં કપોલકલ્પિત માનવીઓની જીવનલીલાનું નિરૂપણ થાય છે, જ્યારે

આત્મકથાઓ અને જીવનચરિત્રમાં અમુક સ્થલકાલમાં જીવી ગયેલાં સાચાં માનવીઓની વાસ્તવિક જીવનચર્યાનું નિરૂપણ થતું હોય છે અને તે પણ કશા વ્યવધાન વિના તેના વાસ્તવિક સંન્નિવેશમાં જ. આ પ્રકારના સાહિત્યમાં આમ જીવનનું મહદ્ અંશે ખરું કહી શકાય એવું પ્રતિબિંબ ઊઠે છે. આથી ચરિતાત્મક સાહિત્ય ઐતિહાસિક સંશોધનો માટે વધુ શ્રદ્ધેય ઉપાદાન બની રહે છે.

આત્મચરિત્રમાં નાયક કે નાયિકા સ્વયં પોતાની જીવનલીલાનું નિરૂપણ કરે છે, જ્યારે જીવનવૃત્તાંતમાં નાયક કે નાયિકાની જીવનલીલાનું નિરૂપણ ચરિતલેખક કરતો હોય છે. આ પાયાના ભેદને બાદ કરતાં આત્મચરિત્રો અને જીવનવૃત્તાંતોમાં બીજો કોઇ મૂલગત ભેદ નથી. ડૉ. ઉપેન્દ્ર ભટ્ટ કહે છે તેમ, જીવનચરિત્રમાં આત્મચરિત્રનો પણ સમાવેશ થઇ જાય છે.[૪] બન્ને ઘણાં સમાન લક્ષણો ધરાવે છે જેમાં, સત્યનિષ્ઠા કેન્દ્ર સ્થાને છે. ડ્રાયડન ચરિત્રને 'વિશિષ્ટ વ્યક્તિઓની જિંદગીનો ઇતિહાસ' અને એડમન્ડ ગૉસ એને 'જીવનયાત્રામાં પ્રગટ થતા આત્માની સાચી છબી' કહે છે, ત્યારે ઉભય, ચરિત્રકાર પાસે અપેક્ષિત વૈજ્ઞાનિક ચોકસાઇ અને સત્યનિષ્ઠા પર ભાર મૂકી ચરિત્રને ઇતિહાસનો દરજ્જો આપેછે. વાસ્તવમાં જીવનચરિત્ર નાયક કે નાયિકાની પ્રકૃતિ અને પ્રવૃત્તિનો અતિશયોક્તિથી પર એવો યથાર્થ ઇતિહાસ છે.

"જીવનચરિત્ર કોઇ વ્યક્તિનો જીવન-ઇતિહાસ જ છે, એટલે ઇતિહાસની જેમ જીવનચરિત્ર પ્રથમ શાસ્ત્ર છે - વિજ્ઞાન છે. વૈજ્ઞાનિક કોઇ પણ પૂર્વગ્રહ વિના અનાવશ્યક તત્ત્વોનો ત્યાગ કરી, આવશ્યકનો સ્વીકાર કરી, અનેક પ્રયોગો દ્વારા બૌદ્ધિક અન્વેષણથી પદાર્થો અને તેમના ગુણધર્મો અંગે તેમજ પ્રાકૃતિક ઘટનાઓ અંગે સર્વસામાન્ય સિદ્ધાંતોની શોધ કરે છે. ઇતિહાસકારનું કાર્ય પણ આવું જ છે. ચરિત્રકારનું કાર્ય પણ ચરિત્રનાયકના જીવનને લગતી હકીકતોના સંગ્રહ અને તેમના પ્રામાણિક સંશોધન પૂરતું વૈજ્ઞાનિકના કાર્ય જેવું છે."[૫]

આમ, જીવનચરિત્રમાં ચરિતનાયકના બાહ્યાંતર વિકાસનું શ્રદ્ધેય નિરૂપણ થયું હોય છે. ચરિતનાયકનો આવો બાહ્યાંતર વિકાસ સમકાલીન સમાજ કે યુગની પશ્ચાદ્ભૂમિકામાં થતો હોય છે, એથી જીવનચરિત્રમાં તત્કાલીન સમાજનું કે યુગનું ચિત્ર પણ અપેક્ષિત ગણાય છે.[૬] ચરિત્રનિરૂપકો સામાન્ય રીતે નાયકના જમાનાની

રાજકીય, ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક આદિ પશ્ચાદ્ભૂ આપી એના સંદર્ભમાં ચરિતનાયકની પ્રકૃતિ અને પ્રવૃત્તિનો ચિતાર આપવાનો ઉપક્રમ સ્વીકારે છે. આવા નિરૂપણમાંથી ઉપસતા શૈક્ષણિક, સામાજિક, સાંસ્કૃતિક કે રાજકીય ચિત્રની પ્રમાણભૂતતા (validity) અને વિશ્વસનીયતા બીજા પ્રકારની સાહિત્યિક સામગ્રી કરતાં વધારે હોય છે.

ઉપર્યુકત ચર્ચામાંથી બે હકીકતો વેધક રીતે સ્પષ્ટ થાય છે :

(૧) ચરિત્રસાહિત્યમાંથી ચરિતનાયકના જીવનવિકાસનું વાસ્તવિક ચિત્ર પ્રાપ્ત થાય છે, અને

(૨) એમાંથી ચરિતનાયકના જમાનાનું યથાર્થ (મહદ્ અંશે પ્રમાણભૂત અને વિશ્વસનીય) ચિત્ર પણ સાંપડે છે.

સંશોધનસમસ્યા માટે પસંદ કરવામાં આવેલા ચરિત્રસાહિત્યમાંથી પણ ઉપર્યુકત હકીકતોને સમર્થન મળી રહે છે. અહીં અધ્યેય ચરિત્રસાહિત્યમાં સત્યનો નિભાવ કેટલા પ્રમાણમાં થયો છે તે સંક્ષેપમાં આલેખીશું. એના પરથી પ્રસ્તુત સાહિત્યની પ્રમાણભૂતતાની પણ પ્રતીતિ થશે. અત્રે એક બાબત નોંધવી જરૂરી જણાય છે અને તે એ કે આત્મચરિત્રમાં લેખક નિજની જીવનકથા આલેખે છે, તેથી જો તે પ્રમાણિકતા દાખવે તો જીવનચરિત્રના લેખકની જેમ સત્યના નિભાવ માટે તેને સંખ્યાબંધ સંદર્ભોનું એકત્રીકરણ, વર્ગીકરણ, અર્થઘટન અને સંયોજન કરવામાં ઝાઝી મુશ્કેલી રહેતી નથી. જીવનચરિત્રના લેખકને આ બધી પ્રક્રિયામાંથી કાળજીપૂર્વક પસાર થવાનું હોય છે, અને એમ કરતાં સત્યના નિભાવ માટે એણે વિશેષ સજાગતા દાખવવી પડે છે. કદાચ આથી જ સત્યના નિભાવ માટે વિશેષ રાખવામાં આવતી કાળજી અને એ માટે હાથ ધરવામાં આવેલા પ્રયત્નોનો ઉલ્લેખ વિશેષ કરીને જીવનચરિત્રોમાં જ થયો છે.

મહીપતરામ નીલકંઠકૃત 'ઉત્તમ કપોળ કરસનદાસ મૂળજીચરિત્ર' (૧૮૭૭)°ની સમાલોચના કરતાં ગુજરાતના નામી વિવેચક નવલરામ ચરિત્રનિરૂપકમાં શોધ, સત્ય, વિવેક અને વર્ણનશકિત એ ચાર ગુણોની આવશ્યકતા પ્રતિ અંગુલિનિર્દેશ કરી ઉકત કૃતિમાં છેલ્લા ત્રણ ગુણને ગ્રંથકારે ઉત્તમ રીતે પ્રગટ કર્યા હોવાનું નોંધે છે.[૭] એ જ લેખકના અધ્યેય સમસ્યા માટે પસંદ કરવામાં આવેલા, 'મહેતાજી દુર્ગારામ મંછારામ ચરિત્ર' (૧૮૭૯)ની સમાલોચના કરતાં લેખકે એમાં સત્યના, વિવેક અને વર્ણનશકિત

---

° કૌંસમાં આપેલા આંકડા કૃતિઓના પ્રકાશનનું વર્ષ દર્શાવે છે.

ઘણી ઊંચી કોટિએ બનાવી હોવાની પ્રતીતિ નવલરામને થાય છે.[8] 'કવિજીવન' (૧૮૮૭) નામક નર્મદના જીવનચરિત્રના લેખક સ્વયં નવલરામ હોવાથી એમાં ઉપર્યુક્ત લક્ષણોનો સારી રીતે નિભાવ થયો હોવાની અપેક્ષા સ્વાભાવિક રીતે જ રહે છે.

ગોવર્ધનરામ ત્રિપાઠી કૃત 'સ્વ. સાક્ષર નવલરામ લક્ષ્મીરામનું જીવનવૃત્તાંત' (૧૮૯૧) અને પૂર્વોક્ત 'કવિજીવનની' તુલના કરતાં ડૉ. રમણલાલ જોષી બન્ને ચરિત્રોમાં રક્ષાયેલી શાસ્ત્રીય ચોકસાઇ વિશે નીચે પ્રમાણે નોંધ લે છે :

"બંને માહિતી અને વીગતોની દૃષ્ટિએ શાસ્ત્રીય ચોકસાઇ જાળવે છે. બંને (લેખકો)ને ચરિત્રનાયક પ્રત્યે આદરભાવ છે અને છતાં વિવેકી તાટસ્થ્ય પણ છે. નવલરામ પોતાના ચરિત્રનાયકના અતિ નિકટના સંપર્કમાં આવેલા છે છતાં મૂલ્યાંકનમાં પૂરતું પરલક્ષીપણું દાખવે છે, ગોવર્ધનરામને નવલરામનો પ્રત્યક્ષ મેળાપ અડધો કલાક જ થયો હતો છતાં તેમના અક્ષરદેહ સાથેનો પરિચય ઘણો ઘનિષ્ઠ હતો તે તેમની ચરિત્રરેખા પરથી જણાય છે."[9]

વિશ્વની શ્રેષ્ઠ નવલોમાં ઊભી રહી શકે તેવી 'સરસ્વતીચંદ્ર' જેવી સુદીર્ઘ રસિકકથાના શિરોમાન્ય લેખક ગોવર્ધનરામ પણ પોતાની જયેષ્ઠ પુત્રીના જીવનવૃત્તાંત 'લીલાવતી જીવનકલા' (૧૯૦૫)માં વારંવાર દર્શાવે છે કે "આ લખું છું તે જીવન-ચરિત્ર એટલે વર્ણનાત્મક ચોપડી છે, એમાં રસ કરતાં હકીકતોને જ પ્રાધાન્ય સ્થાન છે."[10]

'શ્રીયુત ગોવર્ધનરામ' (૧૯૧૦) પંડિત યુગનો એક ગણનીય ચરિત્રગ્રંથ છે. એના લેખક પણ ચરિત્રનિરૂપક તરીકેની પોતાની જવાબદારી વિશે પૂરેપૂરા સજાગ છે. એ ગ્રંથની પ્રસ્તાવનામાં લેખકે પોતાનો ધર્મ આ રીતે પ્રસ્ફુટ કર્યો છે :

"જીવનકથા કે જીવનચરિત્રની રચનાના જે જે નિયમો છે તે તે સર્વ નિયમોમાં આધારરૂપ મહાનિયમ તો એ જ હોઇ શકે કે ચરિત્રલેખકે નાયકની તાદૃશ પ્રતિમા પોતાના લેખમાં ખડી કરવી. ........પોતાના નાયકને કેમ વધારે સુન્દર બનાવવો તથા કેમ ઓછા દોષવાળો દેખાડવો એ એને જોવાનું નથી. એનું મુખ્ય કર્તવ્ય તો એ જ છે કે નાયકનું સત્ય સ્વરૂપ શું છે તે બને તેટલી સંપૂર્ણતાથી સમજવું અને બને તેટલી કુશળતાથી કાગળ ઉપર ઉતારવું. નાયકના ચરિત્રનું સત્ય, સ્વાભાવિક

અને તાદૃશ નિરૂપણ કરવામાં આ ચિત્રની ઉત્કૃષ્ટતા અને સુન્દરતા રહેલી છે - નાયકને સર્વ ગુણોથી અસત્ય રીતે સંપૂર્ણ બનાવવામાં નહિ." [११]

કેશવલાલ મણિયાર, 'શેઠ દ્વારકાદાસ ત્રિભોવનદાસ જે. પી. ની જીવનરેખા' (૧૯૩૧)ના નિવેદનમાં દર્શાવે છે કે, "શેઠ દ્વારકાદાસની જે જીવનરેખા આ પુસ્તકમાં આલેખાએલી છે, તેમાં જરાયે અતિશયોકિત નથી, પણ તેઓ જેવા છે તેવા જ એમાં આલેખાએલા છે, એમ મારું હૃદય કહે છે" [૧૨] 'આશારામ દલીચંદ શાહ અને તેમનો સમય' (૧૯૩૪)ના રચયિતા સહેજ શબ્દફેરે આ હકીકતનું સમર્થન કરતાં નોંધે છે કે "આ ન્હાની ચોપડીમાં જે પુરુષની હકીકત જે પ્રમાણે બનેલી તે જ પ્રમાણે અને મોટે ભાગે એમણે પોતે લખેલી નોંધો ઉપરથી જ જેમ બને તેમ સાદી ભાષામાં........ છાપવામાં આવી છે." [૧૩]

નરહરિ દ્વારકાદાસ પરીખ 'સરદાર વલ્લભભાઈ' (૧૯૫૦)ની રચનામાં અનેક સંદર્ભોના ઉપયોગ છતાંય હકીકતદોષ રહેવા ન પામે એ અંગે જે ચોકસાઈ રાખતા એ વિશે પ્રાસ્તાવિક નોંધમાં નીચે પ્રમાણે ઉલ્લેખ કરે છે.

"આ પુસ્તકમાં હકીકતની કંઈ ભૂલ ન રહી જાય એ એ દૃષ્ટિએ શ્રી દાદાસાહેબ માવળંકર આખું હસ્તલિખિત વાંચી ગયા છે અને તેમણે કેટલાક બહુ ઉપયોગી સુધારા કરાવ્યા છે. મારી પાસે પૂરતી માહિતી ન હોય અથવા વિગતો વિશે શંકા હોય એવાં કેટલાંક પ્રકરણો સરદાર (ચરિતનાયક) પાસે પણ મેં વંચાવ્યાં છે. કેટલાંકમાં તેમણે બહુ મહત્ત્વના વધારા કરાવ્યા છે. એટલે આ પુસ્તકમાંની બધી હકીકતો સાધાર અને ચોકકસ છે એમ કહેવાની સ્થિતિમાં છું". [૧૪]

અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કરના જીવનચરિત્ર 'ઠક્કરબાપા' (૧૯૫૫)ના લેખક કાંતિલાલ શાહ, ચરિત્રલેખનનું કામ એમને સોંપાયું, ત્યારે એ કાર્ય અંગે દાખવવાની સાવધાની દર્શાવતો જે પત્ર એમને કિશોરલાલ મશરૂવાળા તરફથી મળેલો એનો ઉલ્લેખ ઉકત કૃતિના નિવેદનમાં આ રીતે કરે છે :

"પૂ. શ્રી કિશોરલાલભાઈ જેવાની અગમચેતવણી શ્રી પરીક્ષિતલાલભાઈ ઉપરના પત્ર દ્વારા મળી કે, 'બાપા જેવા આજન્મ સેવકનું ચરિત્ર આલેખવાનું છે

ત્યારે તેમના જીવનને અને કાર્યને છાજે તેવું ગાંભીર્ય, તટસ્થતા જળવાઇ રહેવી જોઇએ. લેખનમાં ચોકસાઇ અને હકીકતોની પ્રામાણિકતાને ક્ષતિ ન પહોંચે તેનું ધ્યાન રાખવું જોઇએ. વળી એમના ચરિત્રને કલ્પનાના વાઘા ન સજાવાય કે ન એને ઘેરા રંગોથી રંગી દેવાય'.......... આ પત્રથી હું વધારે સાવધ બન્યો..........એ જ વખતે મેં એમને (કિશોરલાલ મશરૂવાળાને) પત્ર લખ્યાનું યાદ છે. તેમાં એમનો આભાર માનીને લખેલું કે આપે જીવનચરિત્ર આલેખવામાં જે ભયસ્થાનોનો નિર્દેશ કર્યો છે તે વિષે હું સાવધ તો હતો જ, હવે વિશેષ સાવધ રહીશ અને તે અતિરંજિત ન થઇ જાય એનું પૂરું ધ્યાન રાખીશ."[૫૫]

અધ્યેય ચરિત્રસાહિત્યમાંથી મળતાં ઉપર્યુકત નિર્દેશો પરથી એની પ્રમાણભૂતતાનો ખ્યાલ આવે છે. ગાંધીજીએ એમની આત્મકથાનું 'સત્યના પ્રયોગો' એવું નામકરણ કર્યું છે એ ઘણું સૂચક છે. કેટલાક અન્ય ચરિત્રગ્રંથોમાંથી પણ સત્યનિષ્ઠા પર આપવામાં આવેલા ઝોકના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. ચરિત્રનિરૂપકો અને આત્મવૃત્તાંતના લેખકોએ ચરિતનાયકની પ્રકૃતિ અને પ્રવૃત્તિનું હૂબહૂ આલેખન કરવામાટે ચરિતનાયક સાથે સંબંધિત અંગત નોંધો, વાસરિકા (ડાયરી), પત્રો, સ્ક્રેપબુક, ફાઇલો, હેવાલો, વર્તમાનપત્રોની કાપલીઓ, પૂર્વજોનાં રેખાચિત્રો, ભાષણોની નકલો, પુસ્તકો આદિ સંદર્ભોનો વિપુલ ઉપયોગ કર્યો હોવાનાં સંખ્યાબંધ પ્રમાણો પણ ચરિત્રસાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. તદુપરાંત, ચરિતનાયક સાથે સંકળાયેલી વ્યકિતઓ ને સંસ્થાઓની મુલાકાતો દ્વારા પણ ચરિત્રનાયકોના જીવનને લગતી શ્રદ્ધેય માહિતી પ્રાપ્ત કરવામાં આવી હોવાના ઘણા ઉલ્લેખો પસંદિત ચરિત્રસાહિત્યમાં થયા છે. અલબત્ત, કોઇ એક ચરિતકારને એક સાથે ઉપર્યુકત સકલ સંદર્ભો પ્રાપ્ત ન થઇ શકે, એ દેખીતું છે. પરંતુ પ્રત્યેક ચરિત્રનિરૂપકે ચરિતકૃતિને સત્યનિષ્ઠ બનાવવા પ્રયત્ન કર્યો છે, જેની પ્રતીતિ સંશોધકને વિવિધ કૃતિઓનાં આમુખ, પ્રસ્તાવના કે નિવેદનો જોતાં થઇ છે. આમ, પસંદિત આત્મચરિત્રો અને જીવનકથાઓના સર્જકોએ પૂરતું તાટસ્થ્ય જાળવી પરલક્ષી વસ્તુનિષ્ઠ નિરૂપણ કરવાનો ઉપક્રમ સ્વીકાર્યો હોવાથી, પ્રસ્તુત સંશોધનનાં તે શ્રદ્ધેય ઉપાદાન બની રહે છે.

આગળ જોયું તેમ, ચરિતનાયકના બાહ્યાંતર વિકાસમાં સમકાલીન શૈક્ષણિક રાજકીય, ધાર્મિક, સામાજિક, આર્થિક પર્યાવરણ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે, તેથી

ચરિત્રનિરૂપક પાસે એના નિરૂપણની પણ અપેક્ષા રહે જ છે. આ દૃષ્ટિએ વિચારતાં આત્મકથા કે જીવનચરિત્ર ચરિતનાયકના સમકાલીન ઇતિહાસની મહત્ત્વની સામગ્રી પણ પૂરી પાડે છે. ખાસ કરીને સમકાલીન જનજીવનની અનેક જાહેર પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા ચરિતનાયકોનાં જીવનચરિત્રો તો જે તે જમાનાની પ્રજાકીય પ્રવૃત્તિઓનો ઇતિહાસ બની રહે છે. આ સંદર્ભમાં, ગાંધીજીએ સર રમણભાઇ મહીપતરામ નીલકંઠના નિધન પ્રસંગે 'નવજીવન'માં એમને અંજલિ આપતાં લખેલું કે "રમણભાઇ એટલે ગુજરાતના આધુનિક જીવનનો ઇતિહાસ. રમણભાઇ એટલે સંસારસુધારો".[૧૬] ઇન્દુલાલ યાજ્ઞિક તેમની આત્મકથાના દ્વિતીય ખંડમાં તેમની જીવનકથા સકલ ગુજરાતની વિકાસ કથા શી રીતે બની રહે છે, તે નીચેના શબ્દોમાં દર્શાવે છે :

"મારી શકિત, પ્રકૃતિ અને સંયોગોને લીધે ગુજરાતના અનેક પ્રદેશમાં ફરવાની અને કામ કરવાની મને તક મળી. મારું કેન્દ્ર અમદાવાદમાં હતું છતાં મુંબઇથી રાજકોટ સુધી અને દાહોદથી ખંભાત સુધી હું નિરંતર હરણફાળ ભરતો ગયો તેથી સારું ગુજરાત મારું વતન બની ગયું. જે સરળતાથી હું ખાડિયાથી રાયપુર જતો તેવી જ રીતે સુરતથી ઝાલોદ અને મોડાસાથી વલસાડ સુધી હું વિચરતો. આમ, ગુજરાત સાથે એકતાર થતાં મારી જીવનકથા ગુજરાતભરના વિકાસની કથા બનતી ગઇ છે."[૧૭]

સંશોધકે અધ્યયન માટે પસંદ કરેલાં જીવનચરિત્રોના કેટલાક લેખકોએ પણ ચરિતનાયકના જમાનાનું વિશદ ચિત્ર આપવાનો પ્રયત્ન કર્યો છે, કેટલાંક જીવનચરિત્રોની પ્રસ્તાવનામાં ચરિત્રનિરૂપક પોતાના આ ઉપક્રમની સ્પષ્ટતા અને સંકેત કરે છે. 'રા. રા. કલ્યાણરાય જેઠાભાઇ બક્ષીનું જીવનવૃત્તાંત'(૧૯૪૭)ના રચયિતા જણાવે છે કે "દરેક મનુષ્યના શારીરિક અને માનસિક ઘડતરમાં ભૌગોલિક પરિસ્થિતિ, કુળસંસ્કાર અને તત્સમયનાં સામાજિક તેમજ રાજકીય વાતાવરણ અને આંદોલનોની અસરનો જેવો તેવો હિસ્સો નથી હોતો, તેથી જ કલ્યાણભાઇના જીવનવૃત્તાંતની શરૂઆત કરતાં પહેલાં ઉપરોકત બાબતોનો અંગુલિ-નિર્દેષ કરવાનું યોગ્ય જણાય છે."[૧૮] 'નળપદી પ્રતિભાનું નૂર: સ્વ. શ્રી હરિલાલ દામોદરદાસ વકીલ - જીવન અને સાહિત્ય' (૧૯૬૪) નામક ચરિત્રગ્રંથના પુરોવચનમાં ધીરજલાલ પરીખ પણ નોંધે છે કે "ચરિત્રનાયક શ્રી હરિલાલ દામોદરદાસ વકીલ આજથી સવાસો વર્ષ ઉપર જન્મ્યા ત્યારે જે દેશકાળની

પરિસ્થિતિ હતી તેનો કાંઇક ખ્યાલ આ પ્રકાશન આપે તેમ છે."[19]

આમ, આત્મચરિત્રો અને જીવનવૃત્તાંતોમાંથી ચરિતનાયકના જમાનાના પ્રજાજીવનનાં વિવિધ પાસાંઓની શ્રદ્ધેય સામગ્રી ઉપલબ્ધ થાય છે. શિક્ષણ પણ એમાં અપવાદ નથી જ. વિવિધ સ્થલકાલમાં વિકાસ અને ઘડતર પામતા ચરિતનાયકોનાં આત્મચરિત્રો કે જીવનવૃત્તાંતોમાંથી એતદ્કાલીન શિક્ષણ વિષે પણ શ્રદ્ધેય માહિતી મળી રહે છે. વળી, શિક્ષણ પર અસર કરનારી સમકાલીન રાજકીય, સામાજિક, ધાર્મિક આદિ સ્થિતિનું ચિત્ર પણ એમાંથી પ્રાપ્ત થાય છે, જે એતદ્કાલીન શૈક્ષણિક વિચારધારાઓ અને વ્યવહારોને સમજવામાં ઉપકારક નીવડે છે. આથી, સંશોધકે, ચરિતસાહિત્યનાં ઉકત બે પ્રધાન સ્વરૂપો પરથી, ગુજરાતની કેળવણીના એક સૈકા (૧૮૨૦-૧૯૨૦)નો ચિતાર આપવાનો અભિગમ અપનાવ્યો છે.

ચરિતસાહિત્યમાંથી, ઊપસતા અધ્યેયકાલ દરમ્યાન પ્રવર્તમાન શૈક્ષણિક વિચારસરણીઓ અને વ્યવહારોના ચિત્રની પૂર્તિ અને પુષ્ટિ અર્થે સંશોધકે ગુજરાતના સામાજિક-સાંસ્કૃતિક ઇતિહાસને લગતાં અધિકૃત પુસ્તકો, પ્રકાશનો અને વિશેષત: શૈક્ષણિક ઇતિહાસના ક્ષેત્રે થયેલાં સંશોધનોનો પણ યત્કિંચિત્ ઉપયોગ કર્યો છે.

## ૧.૬ નમૂનાની પસંદગી :

ભારતમાં ચરિત્રસાહિત્યના નિર્માણની પરિપાટી છેક વેદકાળ જેટલી જૂની છે. આમ છતાંય, જેને શુદ્ધ ચરિત્રગ્રંથો કહી શકાય એવાં ચરિત્રોની રચનાનો પ્રારંભ પશ્ચિમની સંસ્કૃતિ અને અંગ્રેજી શિક્ષણની અસર હેઠળ, છેક ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં થયેલો જોવા મળે છે. ભારતની અન્ય પ્રાદેશિક ભાષાઓની જેમ, ગુજરાતી ભાષામાં પણ શુદ્ધ ચરિત્રગ્રંથોના નિર્માણની પ્રક્રિયા ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં જ શરૂ થઇ છે. એ પહેલાં લખાયેલાં જીવનચરિત્રોમાં શુદ્ધ ઇતિહાસ-દૃષ્ટિ જળવાઇ નથી એમ કહેવું વધુ સાચું છે. પારલૌકિક જીવન દૃષ્ટિએ લખાયેલાં એ જીવનચરિત્રોના નાયકોમાં મોટેભાગે અવતારી પુરુષો, ભકતો, સંતો અને જ્ઞાનીઓનો જ સમાવેશ થતો અને તેમની જીવનકથાઓ વાસ્તવિક નહિ, પરંતુ અતિશયોકિતમંડિત અદ્ભુતરસપ્રચુર વર્ણનોથી ભરેલી રહેતી. ડાં. ઉપેન્દ્ર ભટ્ટ યથાર્થ રીતે જ નોંધે છે કે "પ્રાચીન - મધ્યકાલીન ભારતીય સાહિત્ય અતિ વિપુલ પ્રમાણમાં હોવા છતાં એમાં એક તો ચરિત્રગ્રંથોનું પ્રમાણ ઓછું છે

અને જે છે તેમાં શુદ્ધ ચરિત્રલેખનની દૃષ્ટિએ બહુ કસ કે કલા નથી."[20]

નર્મદ અર્વાચીન ગુજરાતી ગદ્યપદ્ય સાહિત્યનો આદ્યપ્રણેતા છે. એનું સૌથી મોટું પ્રદાન ગદ્યકાર તરીકેનું છે. એણે 'કવિચરિત્ર' (૧૮૬૫) અને 'મારી હકીકત' (૧૮૬૬) લખીને ગુજરાતી સાહિત્યમાં અનુક્રમે જીવનચરિત્રો અને આત્મકથાઓ લખવાની સંપ્રજ્ઞાતપણે પહેલ કરી એમ કહી શકાય.[૨૧] ત્યારથી માંડીને આજદિન સુધીના લગભગ અગિયારેક દાયકામાં ગુજરાતી ભાષામાં ચરિત્રસાહિત્યનો વિપુલ ફાલ ઉતર્યો છે.

ગુજરાતી સાહિત્યમાં આજદિન સુધી પ્રગટ થયેલા વિપુલ આત્મકથાનકો અને જીવનચરિત્રોમાંથી અધ્યયનસમસ્યા માટે પ્રતિનિધિરૂપ નમૂનો ( sample) પસંદ કરવાનું કાર્ય સંશોધક માટે એક રીતે સરળ, તો બીજી રીતે આવા ગુણાત્મક અધ્યયનોમાં સ્વાભાવિક રીતે બને છે તેમ, કઠિન હતું. ગુજરાતના શિક્ષણ સાથે જેને કાંઇ નિસ્બત ન હોય અને જે અધ્યેયકાલનો પ્રારંભ (ઇ.સ.૧૮૨૦) થતાં પહેલાં વિગત થયાં હોય કે અધ્યેયકાલની મર્યાદા પૂરી થયા પછી જન્મ્યાં હોય એવા ચરિતનાયકો અને નાયિકાઓનાં આત્મકથાનકો અને જીવનચરિત્રોનું અધ્યયન પ્રસ્તુત અભ્યાસ માટે અસંબંધિત હોવાથી તેને સહેલાઇથી પડતાં મૂકી શકાયાં છે. પરંતુ એ સિવાયનાં આત્મકથાનકો અને જીવન-ચરિત્રોમાંથી પ્રતિનિધિરૂપ નમૂનો પસંદ કરવા માટે નીચેનાં ધોરણોને લક્ષમાં રાખવામાં આવ્યાં છે :-

અધ્યેય નમૂનાની પસંદગી એવી રીતે કરવી જેથી -

(૧) અધ્યેયકાલમર્યાદા (૧૮૨૦-૧૯૨૦)નું સંપૂર્ણ આવરણ થઇ શકે,

(૨) ગુજરાતનાં વિવિધ પ્રદેશો-ભાગોમાં અધ્યેયકાલ દરમ્યાન પ્રવર્તમાન શિક્ષણ વિષયક વિચારસરણીઓ અને વ્યવહારોને પ્રતિનિધિત્વ પ્રાપ્ત થાય,

(૩) ગુજરાતની કેળવણીના ચિત્રનાં બને તેટલાં વધારે પાસાં તેમાંથી ઊપસે અને શક્ય તેટલું કેળવણીનું સર્વાંગીણ ચિત્ર બંધાય, અને

(૪) વિવિધ કાર્યક્ષેત્રોમાં કામ કરતી વ્યકિતઓના શિક્ષણ વિષયક વિચારો અને વ્યવહારોનું દિગ્દર્શન પ્રાપ્ત થાય, જેથી ઊપસતા ચિત્રની પ્રમાણ-ભૂતતાની માત્રા વધે.

સંશોધકને પ્રસિદ્ધ થયેલાં આત્મકથાનકો અને જીવનચરિત્રોમાંથી પસંદગી કરવાની હોવાથી અને તેમાં ઉપર્યુકત ધોરણોની જાળવણી કરવાની હોવાથી આકસ્મિક નમૂનાપસંદગી

( random sampling ) કે સ્તરીકૃત આકસ્મિક નમૂનાપસંદગી ( Strafified random sampling) પ્રયુકિતઓ અહીં કામ લાગે નહિ, એ તો દેખીતું છે. કંઈક અંશે આમાં સહેતુક નમૂના પસંદગી (purposive sampling ) નાં તત્ત્વો જોવા મળે છે, પરંતુ સંશોધનસમસ્યાનું સ્વરૂપ જ એવું છે, જેમાં આ પ્રકારની પસંદગી નિર્વિકલ્પ બની રહે છે.

પ્રસ્તુત સંશોધન ૨૬ આત્મકથાનકો અને ૫૩ જીવનચરિત્રો વગેરે મળી કુલ ૭૯ ચરિત્ર-ગ્રંથોના સાંગોપાંગ અધ્યયન પર આધારિત છે. પસંદિત આત્મકથાનકોના ચરિતનાયકોના જન્મની કાલમર્યાદા ઇ.સ.૧૮૨૮ થી ૧૮૯૭ સુધી અને જીવનચરિત્રોના નાયકોની જન્મકાલની અવધિ ઇ.સ.૧૮૦૩ થી ૧૯૦૯ સુધી વિસ્તરે છે. એ જોતાં અધ્યયન કાલમર્યાદાનું સંપૂર્ણ આવરણ કરવાનું લક્ષ્ય સિધ્ધ થાય છે. અલબત્ત, જન્મકાલની દૃષ્ટિએ આકસ્મિક સ્તરીકૃત નમૂનાની પસંદગી પૂર્વકથિત મર્યાદાઓને લીધે શકય બની નથી. આવા પ્રકારના અભ્યાસમાં એમ કરવાની તીવ્ર જરૂરિયાત પણ વર્તાતી નથી.

પ્રસ્તુત અધ્યયનમાં ચરિતનાયકના જન્મસ્થલ કે શિક્ષણસ્થલની દૃષ્ટિએ પણ આકસ્મિક કે સ્તરીકૃત નમૂના પસંદગી વ્યાવહારિક ન બને, એ દેખીતું છે. વળી, ચરિતનાયકોનાં સ્થળાંતરને લીધે કૃતિના નિશ્ચિત સ્થલનું નિર્ધારણ કરવાનું મુશ્કેલ બને છે. પરંતુ સંશોધકે એમાં ઢસા-સાંકળી જેવાં નાનામાં નાના રાજયથી માંડી વડોદરા જેવાં મોટાં દેશી રાજયોને અને બ્રિટિશ વર્ચસ્વ હેઠળનાં મુંબઇ, સૂરત, અમદાવાદ જેવાં મોટા શહેરોથી માંડી નાનાં નાનાં ગામોને પણ પૂરતું પ્રતિનિધિત્વ આપવાનો સજાગ પ્રયત્ન કર્યો છે.

પસંદિત આત્મકથાનકો અને જીવનચરિત્રોના નાયકનાયિકાઓ, બહુધા એકાધિક જીવનવ્યાપારોમાં પડેલાં હોવાથી અને એમાંય પરિવર્તનો આવતાં રહેતાં હોવાથી, વ્યવસાય ક્ષેત્રોની દૃષ્ટિએ ય ચરિતકૃતિઓનું ચુસ્ત વર્ગીકરણ અને પસંદગી કરવાં મુશ્કેલ છે. પરંતુ વિવિધ જીવનવ્યાપારોમાં પડેલી વ્યકિતઓ- કેળવણીકારો, આચાર્યો, પ્રાધ્યાપકો, ગૃહપતિઓ, સમાજસુધારકો, રાજપુરુષો, સમાજસેવકો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, દાનવીરો, સાહિત્યકારો, વૈજ્ઞાનિકો, ડૉકટરો, વૈદો, સરકારી અમલદારો, વકીલો-બેરિસ્ટરો, ન્યાયાધીશો, ઇજનેરો વગેરે-ના શૈક્ષણિક વિચારો અને વ્યવહારોનેય પ્રસ્તુત અભ્યાસમાં પ્રતિનિધિત્વ પ્રાપ્ત થાય, એ રીતે નમૂનાની પસંદગી કરવા પાછળ ધ્યાન અપાયું છે.

આમ, નમૂનાનું ચરિતસાહિત્ય, અધ્યયન સમસ્યાને લક્ષમાં રાખતાં બને તેટલું પર્યાપ્ત, સર્વગ્રાહી અને પ્રતિનિધિરૂપ બની રહે એ તરફ ખાસ લક્ષ આપવામાં આવ્યું છે.

વ્યાપક રીતે જોતાં આત્મકથા અને જીવનચરિત્રનો સમાવેશ અનુક્રમે પ્રાથમિક અને ગૌણ સંદર્ભસ્થાનોમાં થતો હોવાથી, પ્રસ્તુત સંશોધનમાં પ્રાથમિક અને ગૌણ સંદર્ભસ્થાનોનો પર્યાપ્ત ઉપયોગ થયો છે, એમ ખચીત કહી શકાય.

"ઇતિહાસકાર ભૂતકાળના પ્રસંગોને પ્રત્યક્ષ જોઈ શકતો નથી. આથી તે વધુ 'આધારભૂત' પ્રાથમિક સંદર્ભ સ્થાનોનો અભ્યાસ કરે છે. આમાં પ્રસંગને નજરે જોનાર વ્યક્તિની સાક્ષીનો કે જેને સ્વયં ચકાસી શકાય એવા પ્રસંગ-સંબંધીત ભૌતિક પદાર્થોના અભ્યાસનો સમાવેશ થાય છે. પ્રાથમિક સંદર્ભસ્થાનોના અભાવમાં અને તેની અધૂરપ જણાતાં ઇતિહાસકાર ગૌણ સંદર્ભસ્થાનો તરફ વળે છે. ગૌણ સંદર્ભસ્થાનોમાં પ્રસંગને પ્રત્યક્ષ ન જોનાર વ્યક્તિના બયાનનો સમાવેશ થાય. જ્ઞાનકોષો, વર્તમાનપત્રો, સામયિકો અને એવું અન્ય સંદર્ભ સાહિત્ય ગૌણ સંદર્ભસ્થાન ગણાય. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામના અભ્યાસ માટે કોઈ ઇતિહાસનું પુસ્તક વાંચીએ તો તે ગૌણ સંદર્ભસ્થાન ગણાય. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામને વિવિધ ઇતિહાસકારોએ કેવી રીતે ચીતર્યો છે તેનો અભ્યાસ કરવા માટે ઇતિહાસનાં પુસ્તકો જોઈએ તો તે પ્રાથમિક સંદર્ભસ્થાન ગણાય. મંત્રીની મિનિટ-બુકની નોંધો પ્રાથમિક સંદર્ભસ્થાન ગણાય, સભામાં હાજરી આપનાર વર્તમાનપત્રના રિપોર્ટરનો અહેવાલ ગૌણ સંદર્ભસ્થાન કહેવાય..'.[૨૨]

આત્મકથાઓના નાયકો કે સર્જકો ભૂતકાળમાં બનેલી ઘટનાઓના પ્રત્યક્ષ દ્રષ્ટા અને/કે ભાગીદાર હોવાથી આત્મકથાઓનો સમાવેશ સામાન્ય રીતે પ્રાથમિક સંદર્ભસ્થાનોમાં થાય. જીવનચરિત્રનો લેખક બહુધા ભૂતકાળમાં બનેલી ઘટનાઓનો પ્રત્યક્ષ સાક્ષી નથી હોતો, પરંતુ પ્રાપ્ત પ્રાથમિક ગૌણ સંદર્ભો પરથી તે ચરિતનાયકના જીવનકાલ દરમ્યાન બનેલી વિવિધ ઘટનાઓનું અને તેની એના વ્યક્તિત્વના ઘડતર પર થયેલી અસરોનું બયાન કરતો હોય છે. આથી, જીવનચરિત્રનો સમાવેશ સામાન્ય રીતે ગૌણ સંદર્ભસ્થાનોમાં કરી શકાય. અલબત્ત, આત્મકથાઓ અને જીવનચરિત્રોનું પ્રાથમિક અને ગૌણ સંદર્ભોમાં જલાભેદ્ય વર્ગીકરણ થાય છે, એમ કહેવાનો અહીં આશય નથી. આત્મકથાનો નાયક એમાં

નિરૂપાયેલી બધી જ ઘટનાઓનો પ્રત્યક્ષ સાક્ષી ન પણ હોય એમ બને. એ પણ કયારેક વર્તમાનપત્રો, અહેવાલો વગેરે જેવાં ગૌણ સંદર્ભસ્થાનોની સહાય વડે સમકાલીન ઘટનાપ્રવાહોનું નિરૂપણ કરે છે, જેની સાથે એને કોઇ પ્રત્યક્ષ સંબંધ નથી હોતો. આની બીજી બાજુ જીવનચરિત્રનો લેખક ચરિતનાયકનો સહાધ્યાયી, સહવાસી કે સહજીવી હોય ત્યારે એ સ્વયં ઘણીવાર નિરૂપિત ઘટનાઓ કે પ્રસંગોનો પ્રત્યક્ષ સાક્ષી હોય છે. આમ, આત્મકથાઓ અને જીવનચરિત્રો પ્રાથમિક અને ગૌણ સંદર્ભોનાં ઘણાં લક્ષણો ધરાવતાં હોવાથી એનું ચુસ્ત વર્ગીકરણ શકય નથી. અહીં, એટલું જ કહેવાનો આશય છે કે પ્રસ્તુત સંશોધનમાં બન્ને પ્રકારના સંદર્ભોનો પર્યાપ્ત ઉપયોગ કરી ઉભયની મર્યાદાઓથી સંશોધનને દૂષિત થતું અટકાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

૧.૭ <u>માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન</u> :

એમ. એચ. ગોપાલ સમાજશાસ્ત્રીય સંશોધનોના ત્રણ મુખ્ય પ્રકારો દર્શાવે છે :

"પ્રથમ, હકીકતોના અન્વેષણો કરતા સામાજિક સર્વેક્ષણો, ઉત. ભારતની રીઝર્વ બેંકની ગ્રામધીરાણ યોજનાનું સર્વેક્ષણ. પ્રાપ્ત માહિતીનું આ પ્રકારનાં સંશોધનોમાં અર્થઘટન કરવામાં આવે છે એ ખરું, પરંતુ આ પ્રકારનાં સંશોધનોનો પ્રધાન ઉદ્દેશ તો માહિતીની સંપ્રાપ્તિનો જ હોય છે. બીજા પ્રકારનાં સંશોધનો મુખ્યત્વે સંપ્રાપ્ત માહિતીનું અર્થઘટન કરે છે. પ્રથમ પ્રકારનાં સંશોધનોમાં 'પ્રાથમિક સંદર્ભો'ની પ્રાપ્તિને લગતી પ્રવિધિઓ અપનાવવામાં આવે છે, જ્યારે બીજા પ્રકારના સંશોધનોનો અભિગમ મહદ્અંશે ગ્રંથસૂચિલક્ષી બની રહે છે, અર્થાત્ તેમાં પૂર્વપ્રાપ્ત માહિતીનું ઉપાયોજન થાય છે. ઉ.ત. આર.જી.હોટ્રેનું 'બેન્કદરોનો એક સૈકો' (Century of Bank rate). આનો અર્થ એવો પણ નથી કે આ પ્રકારનાં સંશોધનોમાં પ્રાથમિક સંદર્ભોના એકત્રીકરણ અને નવી હકીકતોની પ્રાપ્તિની સર્વથા ઉપેક્ષા થાય છે, પરંતુ એનો અર્થ એટલોજ થાય છે કે એમાં પૂર્વપ્રાપ્ત માહિતીના પૃથક્કરણ અને અર્થઘટન પર વિશેષ ઝોક છે. છેલ્લે, શુદ્ધ સૈદ્ધાંતિક સ્વરૂપનાં સંશોધનો એ (સંશોધનોનો ત્રીજો) પ્રકાર છે, ઉ.ત.જે.એમ.કેનીના રોજગારના સામાન્ય સિદ્ધાંતો કે આઇન્સ્ટાઇનનો સાપેક્ષવાદનો સિદ્ધાંત. આ પ્રકારનાં સંશોધનોનું સારતત્ત્વ, પ્રાથમિક અને ગૌણ સંદર્ભો પર આધારિત તો કેટલીક વાર શુદ્ધ તર્કજનિત સૈદ્ધાંતિક સ્વરૂપનાં ઉચ્ચકક્ષાનાં સંશોધનોની સંરચનામાં રહેલું છે."[૨૩]

પ્રસ્તુત સંશોધન બીજા પ્રકારનું છે. અગાઉ નોંધ્યું છે તેમ એનો પ્રધાન ઉદ્દેશ નવી માહિતીની પ્રાપ્તિનો નહીં, પરંતુ ચરિતસાહિત્યમાં વેરવિખેર પડેલી, અધ્યેયકાલ દરમ્યાનની શિક્ષણ વિષયક માહિતીનું એકત્રીકરણ અને વર્ગીકરણ કરી સમકાલીન રાજકીય, સામાજિક, ધાર્મિક આદિ પરિબળોના પરિપ્રેક્ષમાં તેનું અર્થઘટન કરવાનો છે, અને તે દ્વારા તત્કાલીન ગુજરાતની કેળવણીનું સંયોજિત સુબધ્ધ ચિત્ર ઉપસાવવાનો છે. આ રીતે ગુજરાતની કેળવણી વિશે થયેલાં સંશોધનોની પૂર્તિ કરવાનો સંશોધકનો હેતુ છે.

આ માટે સંશોધકે, પસંદ કરેલાં જીવનચરિત્રો અને આત્મકથાઓનું વિસ્તીર્ણ અને નિ:સ્તીર્ણ અધ્યયન કર્યું અને એમાં નિરૂપાયેલી શિક્ષણ વિષયક વિવિધ માહિતીની સ્થલકાલ સહિત નોંધ કરી. તત્પશ્ચાત્ અધ્યિયત ચરિત્રસાહિત્યમાં સંગ્રહાયેલી આ માહિતીનું શિક્ષણનાં વિવિધ સ્તરો, પાસાંઓ, પ્રશ્નો અને પ્રવાહો દર્શાવતાં જુદાજુદાં શીર્ષકો હેઠળ પૃથક્કરણ કર્યું, ઉ.ત. ગામઠી શિક્ષણ: ઉદ્દેશો, પ્રાથમિક શિક્ષણ : શિસ્ત અને સજાઓ, માધ્યમિક શિક્ષણ : શિક્ષણ પદ્ધતિઓ, ઉચ્ચતર કેળવણી : પ્રાધ્યાપકો અને તેમની સજ્જતા તથા રાષ્ટ્રીય કેળવણી : અર્થ અને ઉદ્દેશો, કન્યાકેળવણી: અવરોધો વગેરે વગેરે. શીર્ષકો અને પેટા શીર્ષકો ધરાવતા પત્રકોમાં વિવિધ કૃતિઓમાંથી પ્રાપ્ત થતી આવી માહિતી નોંધાઈ ગયા બાદ, તેને કાલક્રમમાં ગોઠવવામાં આવી. અધ્યિયત ચરિત્રસાહિત્યમાંથી પ્રાપ્ત થતી શિક્ષણ વિષયક માહિતીને આ રીતે એકત્રિત અને વર્ગીકૃત કરી તેની સમીક્ષા દ્વારા અધ્યેયકાલ દરમ્યાન ગુજરાતમાં પ્રવર્તમાન શિક્ષણ વિષયક વિચારસરણીઓ અને વ્યવહારોનું અર્થઘટન કરવામાં આવ્યું.

સંકલિત અને વર્ગીકૃત માહિતીનું અર્થઘટન કરતાં નીચેની બાબતો તરફ ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે.

(૧) અધ્યિયત સાહિત્યમાંથી પ્રાપ્ત થતા સંદર્ભોને આધારે, અધ્યેયકાલ દરમ્યાન પ્રવર્તમાન શૈક્ષણિક વિચારસરણીઓ અને વ્યવહારોનું શક્ય તેટલું વિશદ વિકાસલક્ષી ચિત્ર ઉપસાવવા પ્રયત્ન કરવો.

(૨) વિવિધ ચરિતકૃતિઓમાંથી પ્રાપ્ત થતા પરસ્પર પૂરક સમાંતર સંદર્ભો દ્વારા અધ્યિયત વિચાર કે વ્યવહારની પુષ્ટિ કરવી.

(૩) જ્યાં નિરૂપણ હેઠળની ઘટના અંગે પરસ્પર વિરોધી સંદર્ભો પ્રાપ્ત થતા હોય ત્યાં, ઉભયની રજૂઆત કરી કાર્યકારણવિશ્લેષણ દ્વારા સંતુલિત નિર્ણય બાંધવા

યત્ન કરવો.

(૪) નિરૂપણ હેઠળની ઘટના વિશે ચરિત્રસાહિત્યમાંથી પ્રાપ્ત થતા સંદર્ભો કે જે ઘટનાને સમજવામાં અર્થસૂચક અને ઉપકારક બનતા હોય તે અવશ્ય ટાંકવા પરંતુ સુદીર્ઘ સમાંતર સંદર્ભોનો ઉલ્લેખ માત્ર કરી વિસ્તાર અને પુનરાવર્તન ટાળવાં.

(૫) જે આત્મકથાઓ અને જીવનચરિત્રોમાંથી સંદર્ભો ટાંકવામાં આવ્યા હોય તેના ચરિતનાયકોના જીવનકાલનો નિર્દેશ યથાસ્થાને કરવો.

(૬) કેળવણીને લગતાં અમુક મહત્ત્વનાં વિચાર, ઘટના, નિરીક્ષણ, મૂલવણી વગેરે એકથી વધારે ચરિત્રગ્રંથોમાંથી પ્રાપ્ત થતાં હોય ત્યારે તેનો જે જે ચરિત્રગ્રંથોમાં નિર્દેશ થતો હોય તે તેમના કર્તાના નામ હેઠળ સૂચવવા.

(૭) પ્રત્યેક પ્રકરણમાં વપરાયેલા દરેક સંદર્ભનો સ્ત્રોત દર્શાવતી ગ્રંથસૂચિ પ્રકરણને અંતે આપવી.

આ પ્રમાણે, સંશોધનકારે એકીકૃત કરેલી માહિતીસામગ્રીનું સંકલન અને અર્થકરણ કરવાની નેમ રાખી છે.

## ૫.૮ સંશોધનની મર્યાદાઓ :

પ્રોફેસર અનંતરાય રાવળ એક જગ્યાએ કહે છે તેમ, ચરિત્ર 'સર્જનાત્મક અને શાસ્ત્રીય બેઉ વાઙ્મયના સીમાડા જેમાં એકઠા થાય છે' એવો સાહિત્ય પ્રકાર છે.[૨૪] ચરિતસાહિત્યના સર્જનાત્મક પાસા સાથે અર્થાત્ તેના કલાવિધાન સાથે પ્રસ્તુત સંશોધનને ઝાઝી નિસ્બત નથી, પરંતુ તેની શાસ્ત્રીયતા સાથે એને ગાઢ સંબંધ છે. એમાં રહેતી કચાશ સ્વાભાવિક રીતે જ પ્રસ્તુત સંશોધનની મર્યાદા બની રહે છે, એટલે એનો મિતાક્ષરી નિર્દેશ અત્રે થવો ઘટે.

આત્મકથા અને જીવનચરિત્રના સર્જકે સંસ્મરણનોંધો, રોજનીશીઓ, મુલાકાત અહેવાલો, વ્યાખ્યાનો, પ્રમાણપત્રો, વસિયતનામાં આદિનું શ્રમપૂર્ણ સંપાદન કરી ચરિત-નાયકના જીવનનો શુદ્ધ કલાત્મક ઇતિહાસ રચવાનો હોય છે. આથી એનું કાર્ય ખૂબ મુશ્કેલ બની જાય છે.

"ચરિત્રકારનું કામ બહુ અઘરું છે. વૈજ્ઞાનિક ચોકસાઇ, વિવેકબુદ્ધિ અને તટસ્થતાથી પ્રમાણભૂત સાધન-સામગ્રીનું એણે શ્રમપૂર્વક સંપાદન કરવું

પડે છે. એણે ચરિત્રનાયકના વ્યક્તિત્વનું તેના સમયની પશ્ચાદભૂમિકા ઉપર ચિત્રણ કરી, એને ગુણદોષ સહિત રજૂ કરી, એનાં પ્રેરકબળ, એનું જીવનકાર્ય, એના જીવનની સફળતા અથવા નિષ્ફળતાની સમાલોચના કરવાની હોય છે. આ બધું કામ ચરિત્રકાર પાસે ખૂબ શ્રમ, વિવેક અને કલા માગી લે છે. એથી વધુ તો એ માગે છે સમભાવ અને તાટસ્થ્યનો વિરલ સંયોગ."[૨૫]

ચરિતકારના પક્ષે પ્રમાણભૂત હકીકતોના સંપાદનમાં સેવાતો પ્રમાદ કે તાટસ્થ્યનો અભાવ ચરિતકૃતિની શાસ્ત્રીયતાને જોખમાવે છે. તદુપરાંત, વિસ્મરણ, મિથ્યા આત્મગૌરવ, સ્વદોષસંગોપન આદિ વિશેષતઃ આત્મકથા અને પર્યાપ્ત પુરાવાઓની અનુપલબ્ધિ, ચરિતનાયક પ્રત્યેના રાગદ્વેષ, કાલવ્યુત્ક્રમ આદિ જીવનચરિત્રોનાં ભયસ્થાનો છે. એ સઘળાથી પર રહી નિરપેક્ષ સત્યશોધન કરવું અશક્ય નહિ, પરંતુ કઠિન તો છે જ.

પ્રસ્તુત સંશોધન જેના પર આધાર રાખે છે તે ચરિત્રસાહિત્ય (આત્મકથાઓ અને જીવનચરિત્રો)ની કેટલીક ઉપર્યુક્ત મર્યાદાઓ છે. એનો મિતાક્ષરી નિર્દેશ અહીં જરૂરી ગણાય. પરંતુ ઉક્ત મર્યાદાઓ બહુધા વ્યક્તિગત સ્ત્રીપુરુષના ચરિત્રને વિશેષ સ્પર્શે છે. પર્યાપ્ત માત્રામાં પસંદ કરેલા ચરિત્રગ્રંથો પર અવલંબિત આવા અભ્યાસો પર એની નહીંવત્ અસર રહે છે. સંશોધનસંદર્ભ તરીકે આત્મકથાનકો અને જીવનચરિત્રોની પ્રમાણભૂતતા અને ઉપાદેયતાનો તેમજ પ્રસ્તુત સંશોધન માટે પસંદ કરવામાં આવેલા ચરિતગ્રંથોના નિરૂપણમાં જળવાયેલી શાસ્ત્રીયતાનો ઉલ્લેખ તો અગાઉ થઇ ગયો છે, જેનું પુનરાવર્તન કરવું અત્રે જરૂરી નથી.

આ સિવાયની પ્રસ્તુત અભ્યાસની કેટલીક અન્ય મર્યાદાઓ નીચે પ્રમાણે છે :

(૧) અત્રે રજૂ થયેલું અધ્યેયકાલ (૧૮૨૦-૧૯૨૦) દરમ્યાનનું ગુજરાતનું શિક્ષણ વિષયક ચિત્ર ચરિતસાહિત્યમાંથી પ્રાપ્ત થતી વિગતો પૂરતું મર્યાદિત છે.

(૨) કાલક્રમના ક્રમબદ્ધ ~~સંપ્રભાગ~~ ઉપભાગો કે ખંડો પાડી, ઉદ્ધૃત માહિતીનું વિશ્લેષણ કે અર્થઘટન કરી શકાય, એવી કેળવણીના વિકસતા ચિત્રની કડીબદ્ધ સામગ્રી ચરિતસાહિત્યમાંથી પ્રાપ્ત થતી નથી, તેથી સરકારી અહેવાલો, દફતરો, દસ્તાવેજો વગેરે સાધનસામગ્રીનો ઉપયોગ કરી તૈયાર થતાં સંશોધનો જેટલું સર્વાંગીણ ચિત્ર ઉપસાવી શકાયું નથી.

(૩) ક્વચિત્ નિર્દેશાયેલાં શિક્ષણનાં કેટલાંક પાસાંઓનો, ચરિત્રસાહિત્યમાં વારંવાર અનેક સ્થળે ઉલ્લેખ થયેલો હોતો નથી. પરિણામે, જે ઉલ્લેખો પ્રાપ્ત થાય છે, તેમાંથી જ કેળવણીના કલેવરનું ઘડતર કરવાનો ઉપક્રમ સ્વીકારવામાં આવ્યો છે.

(૪) ચરિત્રસાહિત્યમાંથી ઉદ્ધૃત સંદર્ભોમાં વાકયલઢણો, જોડણી, વિરામચિન્હો વગેરે યથાવત્ રાખવામાં આવ્યાં છે.

ચરિતસાહિત્ય પર આધારિત અભ્યાસમાં અંતર્નિહિત, આવી કેટલીક મર્યાદાઓની પરિધિમાં જ પ્રસ્તુત સંશોધનનું ઘડતર થયું છે.

૧.૯ સંશોધનઅહેવાલની રજૂઆત-યોજના :

પ્રસ્તુત સંશોધનનું સ્વરૂપ, તેનાં હેતુઓ અને મહત્ત્વ, તેની વસ્તુસામગ્રી, નમૂનાની પસંદગી, સંપ્રાપ્ત માહિતીની શ્રદ્ધેયતા અને તેના પૃથક્કરણ અને અર્થઘટનની પદ્ધતિઓ, સંશોધનની મર્યાદાઓ આદિની સમીક્ષા કર્યા પછી, સંશોધનઅહેવાલની રજૂઆતની યોજનાનો નિર્દેશ પણ આવશ્યક બને છે. પ્રસ્તુત સંશોધનના અહેવાલને કેટલાંક પ્રકરણોમાં વહેંચી નાખવાની યોજના છે. આ પ્રકરણો નીચે પ્રમાણે રહેશે.

પ્રકરણ ૧ : પ્રારંભિક : સંશોધનની યોજના

પ્રકરણ ૨ : કેળવણીને ઘડનારી ગુજરાતની ઐતિહાસિક, રાજકીય, ધાર્મિક અને સામાજિક પાર્શ્વભૂમિકા

પ્રકરણ ૩ : ગુજરાતમાં પ્રવર્તમાન ગામઠી શિક્ષણવ્યવસ્થા તથા નવી કેળવણીનો પ્રારંભ અને તેની પ્રશાસનવ્યવસ્થાનો વિકાસ

પ્રકરણ ૪ : કેળવણીના અર્થ, ઉદ્દેશો અને યોજનાઓ વિશે ગુજરાતમાં પ્રચલિત થયેલા વિચારો

પ્રકરણ ૫ : નવી કેળવણી : પાઠ્યક્રમ, શિક્ષણપદ્ધતિઓ અને પરીક્ષણ

પ્રકરણ ૬ : વિશિષ્ટ શિક્ષણવ્યવસ્થા

પ્રકરણ ૭ : કેળવણીમાં ઘર, જ્ઞાતિસમાજ તથા છાત્રાલયોનાં પ્રદાન અને પ્રતિકાર

પ્રકરણ ૮ : અધ્યયકાલ દરમ્યાન પ્રવર્તમાન, કેળવણીના પ્રશ્નો અને પ્રવાહો

પ્રકરણ ૯ : સંશોધનનાં નિષ્કર્ષો અને તારતમ્યો

ઉપર્યુક્ત પ્રકરણો ઉપરાંત સંશોધનને વિશેષ અર્થસૂચક બનાવવા માટે નીચેનાં પરિશિષ્ટો રજૂ કરવાની યોજના પણ રાખવામાં આવી છે :

<u>પરિશિષ્ટ અ :</u> અધ્યેયકાલના શૈક્ષણિક વિકાસની કેટલીક મહત્ત્વની તવારીખો

<u>પરિશિષ્ટ આ :</u> ચરિતસાહિત્યમાંથી ઉદ્ધૃત શિક્ષણના કેટલાક પારિભાષિક શબ્દો

<u>પરિશિષ્ટ ઇ :</u> સંશોધનનાં વધુ અભ્યાસક્ષેત્રો

<u>પરિશિષ્ટ ઈ :</u> અધીત ચરિત્રસાહિત્યની સૂચિ

<u>પરિશિષ્ટ ઉ :</u> વિશેષ સંદર્ભસૂચિ

આ પ્રમાણે, સંશોધન-અહેવાલની રજૂઆત કરવાની યોજના ઘડવામાં આવી છે.

## ૧.૧૦ <u>સમાપન</u>

અર્વાચીન ગુજરાતી સાહિત્યનું નિર્માણ પશ્ચિમના શિક્ષણ સાહિત્ય અને સંસ્કૃતિની અસર હેઠળ થયું. આત્મકથા અને જીવનચરિતના સાહિત્યપ્રકારો પણ એની જ અસર હેઠળ ખેડાયા. નર્મદે અનુક્રમે 'મારી હકીકત' અને 'કવિ ચરિત્ર' લખીને સંપ્રજ્ઞાતપણે ચરિતસાહિત્યનાં ઉભય આધુનિક સ્વરૂપોની બુનિયાદ રચી. તદ્પશ્ચાત્ આગળ જોયું તેમ ગુજરાતી વાઙ્મયમાં આત્મકથાઓ અને જીવનચરિત્રોનો વિપુલ ફાલ ઉતર્યો છે. ગુજરાતના સમકાલીન રાજકીય, સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક ઇતિહાસનું સત્યનિષ્ઠ, શ્રદ્ધેય અને વિશદ પ્રતિબિંબ એમાં ઝીલાયું છે. ફલત: પ્રજાજીવનના કોઇ પણ ક્ષેત્રના અભ્યાસી માટે એ અતિશય મહત્ત્વપૂર્ણ સંદર્ભસ્ત્રોત રચે છે.

પ્રજાજીવનના કોઇ એક ક્ષેત્રની વિકાસગાથાનો અભ્યાસ, આનુષંગિક પરિબળોને લક્ષમાં લઇને કરવામાં આવે ત્યારે એ વધુ સંપૂર્ણ અને વાસ્તવિક બને છે. ચરિતસાહિત્યમાં પ્રજાજીવનનાં બધાં જ પાસાં અનુસ્યૂત થયેલાં હોઇ, ભૂતકાલના પ્રજાજીવનના કોઇ એક ક્ષેત્રના અભ્યાસી માટે તે યથાર્થ પરિનિવેશ સર્જે છે અને એને અધ્યયનની સંદૃષ્ટિ પૂરી પાડે છે. આ સાહિત્યને આધારે પ્રજાજીવનના એક મહત્ત્વના પાસા-કેળવણી-ના અભ્યાસની કેડી સૂચવતી રૂપરેખા પ્રસ્તુત પ્રકરણમાં રજૂ કરવામાં આવી છે. એ જ રીતે પ્રજાજીવનનાં બીજાં પાસાંઓ કે ક્ષેત્રોનું અધ્યયન પણ થઇ શકે એમ છે.

આગળ જોયું તેમ પ્રજાજીવનના કોઇ પણ પાસાનો અભ્યાસ અન્ય પાસાઓથી નિરપેક્ષપણે થઇ શકે નહિ. કેળવણીને પણ આ સત્ય લાગુ પડે છે. વાસ્તવમાં કેળવણી એ અનેક સંકુલ પરિબળોને પરિણામે આકાર ધારણ કરતી પ્રક્રિયા છે. તેને સાચી રીતે સમજવા એને અસર કરનારાં વિવિધ રાજકીય, સામાજિક, ધાર્મિક પરિબળોને પણ લક્ષમાં લેવાં ઘટે. હવે પછીના પ્રકરણમાં ગુજરાતની કેળવણીને ઘડનારાં આવાં વિવિધ પરિબળોની સમીક્ષા કરવાની યોજના છે.

## સંદર્ભસૂચિ

૧. ઉપેન્દ્ર ભટ્ટ : ચરિત્રસાહિત્ય : સ્વરૂપ અને વિકાસ, અમદાવાદ, અનડા બુક ડીપો, ૧૯૬૬, પૃ. ૨૬૧.

૨. દેસાઈ, હરિભાઈ જી. : સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ, અમદાવાદ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ૧૯૭૩ પૃ. ૮૪.

૩. એજન., પૃ. ૮૫.

૪. ઉપેન્દ્ર ભટ્ટ : ઉપર્યુક્ત., પૃ.૧.

૫. એજન., પૃ. ૭-૮.

૬. એજન., પૃ. ૩.

૭. સંપા. પરીખ, નરહરિ દ્વારકાદાસ : નવલ ગ્રંથાવલિ, અમદાવાદ, નવજીવન પ્રકાશન મંદિર, વર્ષ : અપ્રાપ્ય, પૃ. ૧૧૯.

૮. એજન., પૃ. ૧૩૭.

૯. સંપા. રમણલાલ જોષી : સ્વ. સાક્ષર નવલરામ લક્ષ્મીરામનું જીવન વૃત્તાંત અને કવિજીવન, મુંબઈ, એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., ૧૯૬૬, ૫-૬. (નિવેદન)

૧૦. ત્રિપાઠી, ગોવર્ધનરામ માધવરામ : લીલાવતી જીવનકલા, મુંબઈ, એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., ૧૯૬૧, પૃ.૭. (પ્રવેશક)

૧૧. લે. કાન્તિલાલ છ. પંડયા, સંપા. ઉપેન્દ્ર છ. પંડયા : શ્રીયુત ગોવર્ધનરામ, મુંબઈ, એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., ૧૯૬૫, પૃ.૨૧. (પ્રસ્તાવના)

૧૨. મણિયાર કેશવલાલ ભીખાભાઈ : શેઠ દ્વારકાદાસ ત્રિભોવનદાસ જે. પી. ની જીવનરેખા, મુંબઈ, પ્રકાશક : લેખક સ્વયં, ૧૯૩૧, પૃ.૨. (નિવેદન)

૧૩. શાહ, મૂળચંદ આશારામ : આશારામ દલીચંદ શાહ અને તેમનો સમય, અમદાવાદ, પ્રકાશક : લેખક સ્વયં, ૧૯૩૪, પૃ.૫. (પ્રસ્તાવના)

૧૪. પરીખ, નરહરિ દ્વારકાદાસ : સરદાર વલ્લભભાઇ (ભાગ પહેલો), અમદાવાદ, નવજીવન પ્રકાશન મંદિર, ૧૯૫૦, પૃ. ૧૧. (નિવેદન)

૧૫. કાન્તિલાલ શાહ : ઠક્કરબાપા, દિલ્હી, ઠક્કરબાપા સ્મારક સમિતિ, ૧૯૫૫, પૃ.૫ (નિવેદન)

૧૬. નીલકંઠ, સુશ્રુત રમણભાઇ : સ્વ. સર રમણભાઇ મહીપતરામ નીલકંઠ, અમદાવાદ, પ્રકાશક : લેખક સ્વયં, ૧૯૩૪, પૃ.૧.

૧૭. ઇન્દુલાલ યાજ્ઞિક : આત્મકથા : (ભાગ : ૨, ગુજરાતમાં નવજીવન), અમદાવાદ, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ૧૯૭૦, પૃ. ૭. (પ્રસ્તાવના)

૧૮. બક્ષી, હિંમતલાલ કલ્યાણરાય : રા. રા. કલ્યાણરાય જેઠાભાઇ બક્ષીનું જીવનવૃત્તાંત, વડોદરા, પ્રકાશક : લેખક સ્વયં, ૧૯૪૭, પૃ.૨. (નિવેદન)

૧૯. સંપા. વકીલ, રસિકલાલ માણેકલાલ : તળપદી પ્રતિભાનું નૂર : સ્વ. શ્રી. હરિલાલ દામોદરદાસ વકીલ - જીવન અને સાહિત્ય, કપડવંજ, પ્રકાશક : લેખક સ્વયં, ૧૯૬૪, પૃ. ૨૭. (પુરોવચન)

૨૦. ઉપેન્દ્ર ભટ્ટ : ઉપર્યુકત., પૃ. ૬૭.

૨૧. એજન., પૃ. ૬૯.

૨૨. દેસાઇ, હરિભાઇ જી. : ઉપર્યુકત., પૃ. ૮૨.

૨૩. Gopal M. H. : An Introduction of Research Procedure in Social Sciences London, Asia Publishing House, 1970, pp. 4-5.

૨૪. રાવળ, અનંતરાય મ. : 'પિસ્તાલીસનું ગ્રંથસ્થ વાઙમય', પૃ. ૪૫.

૨૫. ઉપેન્દ્ર ભટ્ટ : ઉપર્યુકત., પૃ. ૨૩.

:::::::::

"દરેક દેશની શિક્ષણવ્યવસ્થાનું ઘડતર અને તેનો વિકાસ મોટે ભાગે તેનાં આંતરિક પરિબળો અને કેટલેક અંશે આંતરરાષ્ટ્રીય પ્રવાહો અને પ્રવૃત્તિઓ પર આધાર રાખે છે. આ આંતરિક પરિબળો અનેક પ્રવાહો અને અનેક દબાણો હેઠળ ઘડાઈને સંકુલ બનેલાં હોય છે, તેમ છતાં તેમાં કેટલીક વિશિષ્ટ ટસરો ઓળખી શકાય છે. આ શિક્ષણવ્યવસ્થામાં જે વિકાસ અને પરિવર્તનો થાય છે, તે આ પરિબળોની અસરરૂપે હોય છે."

-- ડૉ. ધનવંતભાઈ એમ. દેસાઈ

:::::::::